
# વિશ્વવિહાર

વર્ષ : 25 * અંક : 9 * જૂન 2023 * કિં. ₹ 15









ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે તથા એમની કલાકૃતિઓ




સતીશચંદ્ર વ્યાસ 'શબ્દ'લિખિત 'શાંતિનિકેતન : બાઉલની નજરે' પુસ્તકનું વિમોચન




બાઉલ ગાનની પ્રસ્તુતિ કરતા મધુસૂદન બાઉલ અને સનાતન બાઉલ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ખુદી કો કર બુલંદ ઈતના...




છેલ્લાં ૩૫ વર્ષથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અશ્વિનભાઈ શાહ સાથે વિશ્વકોશના કાર્ય નિમિત્તે પરિચય થયો. સંસ્થાની સ્થાપના સાથે જ વિશ્વકોશના શિલ્પી ધીરુભાઈએ કહ્યું, ‘આપણી સંસ્થાના ઑડિટર તરીકે ચંદુલાલ એમ. શાહ ઍન્ડ કંપનીને રાખીએ, કારણ કે એની ચીવટ અને પ્રામાણિકતાનો મને સાક્ષાત્ અનુભવ છે. ચંદુલાલભાઈ સાથે મારો પરિચય હતો. એમના પુત્ર અશ્વિન આ સંભાળે છે. આપણે અશ્વિનને વાત કરીશું અને તે આપણી વાત સ્વીકારશે.’ આજે એમના પુત્ર અશ્વિનભાઈ પિતાની એ પરંપરાને બરાબર જાળવે છે.

ધીરુભાઈએ અશ્વિનભાઈને બોલાવ્યા અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઓડિટર તરીકેનું કામ સોંપ્યું, એ સમયે ધીરુભાઈએ એમના પિતાશ્રી ચંદુલાલભાઈ સાથેનાં સ્મરણો કહ્યાં. એ દિવસથી અશ્વિનભાઈને જોઉં, ત્યારે મને મારા ગુરુ અને સમર્થ દાર્શનિક પં. સુખલાલજીનું સ્મરણ થાય. ચક્ષુનાં અજવાળાંના અભાવે પ્રજ્ઞાનાં તેજ સાથે પુરુષાર્થ કરીને અને પડકારો ઝીલીને કેવી રીતે જ્ઞાનની ઉપલબ્ધિ થાય તેનું જીવંત દૃષ્ટાંત અહીં દૃષ્ટિગોચર થાય. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી સામે વિવિધ ધર્મોના દર્શનશાસ્ત્રોના અભ્યાસનું કાર્ય હતું, તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અશ્વિનભાઈ શાહ સામે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરવાનો પડકાર હતો. એમણે છઠ્ઠી ઇંદ્રિયના અજવાળે આશ્ચર્ય લાગે તેવી પોતાના વ્યવસાયમાં સિદ્ધિ મેળવી છે.

તાજેતરમાં પ્રકાશિત થયેલા ‘ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અશ્વિન શાહની જીવનસફર : સંઘર્ષ અને પુરુષાર્થનો સમન્વય’ એ પુસ્તકને જીવનસંઘર્ષની અનોખી કથા કહેવી કે જીવન-સમજણની ખૂબીઓ ધરાવતી કથા કહેવી તે સવાલ છે. જીવનનો પ્રત્યેક સંઘર્ષ એક નવી દૃષ્ટિને લઈને આવતો હોય છે અને એ રીતે આ આત્મકથની સંઘર્ષોનો પ્રતિકાર કરવાનું બળ આપવાની સાથોસાથ જીવનસાર્થક્યના અનેક કીમિયા ઉજાગર કરી જાય છે. વળી જીવનમાં સકારાત્મક અભિગમને પરિણામે વ્યક્તિ પોતાની આસપાસ અને પોતાનાં કાર્યોમાં કેવું ઉલ્લાસભર્યું ચૈતન્ય સર્જી-આણી શકે છે, એનો ખ્યાલ આમાંથી આવે છે.

એમણે વ્યાવસાયિક જીવન સાથે પારિવારિક જીવનનું ખૂબીપૂર્વક સમતોલન સાધ્યું. વળી જીવનમાં આવતી આફતો અને મુશ્કેલીઓ સામે બરાબર ઝઝૂમીને એનો ઉકેલ મેળવવો અને સાથોસાથ વણથાક્યાં કેટલાંય નવાં નવાં સર્જનો કરવાં, એ એમની રીત

છે. વળી વ્યવસાયના ક્ષેત્રે સફળતા મેળવીને બેસી રહેવું નહીં, પરંતુ એ વ્યવસાયના ક્ષેત્રમાં પોતાનું પણ વિશેષ પ્રદાન આપવું એવી ભાવના એમના જીવનકાર્યમાં સતત પ્રવર્તતી રહી. જેમ કે એમણે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયાની અમદાવાદ બ્રાન્ચના મકાનનું નિર્માણ થાય, તે માટે મહેનત કરી. વ્યવસાય પછી સેવાક્ષેત્રે કામ કર્યું. એમના આઠ દાયકાના અનુભવો અને સંઘર્ષોને દર્શાવતું શ્રી કિરણ કાપુરે દ્વારા હૃદયસ્પર્શી આલેખન અને સૂઝભર્યું સંપાદન ધરાવતું આ પુસ્તક સહુ કોઈને પ્રેરણાદાયી બની રહે તેવું છે.

એક અર્થમાં તો શ્રી અશ્વિનભાઈ શાહનું જીવન એટલે પડકાર, પરિશ્રમ અને પરમાર્થ. જીવનમાં વારંવાર આપત્તિઓનો પડકાર ઊભો થાય, ત્યારે તેને પરિશ્રમ કરીને પાર કરવી. એમણે એમના જીવનમાં પારાવાર આપત્તિઓને મિત્ર બનાવી, મુશ્કેલીઓમાંથી અનુભવ મેળવ્યો અને પોતીકા પુરુષાર્થને સેવામાં સમર્પિત કર્યો ! અમદાવાદના અશ્વિનભાઈ ચંદુલાલ શાહ કાંકરિયાની દીવાન બલ્લુભાઈ સ્કૂલમાં આઠમા ધોરણમાં ભણતા હતા, ત્યારે અશ્વિનભાઈની આંખોનાં તેજ ઓછાં થવા લાગ્યાં. જીવનના પ્રારંભનાં બાર વર્ષ બહુ સહજતાથી વીત્યાં, પરંતુ ઈ. સ. ૧૯૫૧માં તેરમા વર્ષે એમને દૃષ્ટિની સમસ્યા પરેશાન કરવા લાગી. એક રાત્રે એમને અહેસાસ થયો કે અંધારામાં એમને કશું સ્પષ્ટ દેખાતું નથી. બીજા દિવસની રાત્રે ફરી આંખે અંધારાં આવવા લાગ્યાં. એ પછી ડૉક્ટરને બતાવવા ગયા અને મુંબઈના વિખ્યાત આંખના નિષ્ણાત ડૉ. બનાજીએ કહ્યું, ‘આ બાળકની સમસ્યા અસાધ્ય છે અને આ સમસ્યાને કારણે તમારા પુત્રની આંખોની રોશની ધીરે ધીરે જતી રહેશે. વળી આ બીમારીનો કોઈ ઇલાજ નથી.’

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ખુદી કો કર બુલંદ ઈતના... | ૩ | કુમારપાળ દેસાઈ |
| ચીનની ભારત પ્રત્યેની સાત ધારણાઓ | ૯ | પ્રવીણ ક. લહેરી |
| કૉલ ડ્રૉપની સમસ્યા | ૧૧ | હર્ષ મેસવાણિયા |
| રંગોના કસબી પ્રફુલ્લ દવે | ૧૪ | જગદીશ દવે |
| સ્મરણોની શાંત સલિલા | ૧૬ | ડંકેશ ઓઝા |
| અમિત અંબાલાલની નર્મમર્મયુક્ત ચિત્રશૈલી | ૧૯ | અમિતાભ મડિયા |
| પાણીનું એક જુદું રૂપ : ભારેખમ પાણી | ૨૧ | ચિંતન ભટ્ટ |
| મહામૂલી મૂડી સમા ધીરુબહેન પટેલ | ૨૪ | અશોક કરણિયા |
| દરિયાના ભીતરની અંતરમાં ચિંતા | ૨૮ | પ્રીતિ શાહ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૩૦ | ભદ્રાયુ વછરાજાની |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |

સાથોસાથ એ સમયના આ વિખ્યાત ડૉક્ટરે એમના પિતા ચંદુલાલભાઈને એવી સલાહ આપી, 'આ છોકરાને ભણાવવાનું ભૂલી જાઓ. આગળ જતાં એમની દૃષ્ટિ વધુ ખરાબ થશે. એને માટે એવી કોઈ વ્યવસ્થા કરો કે જેથી આંખોના અંધાપા સમયે એનું જીવન શાંતિથી પસાર કરી શકે.'

ડૉક્ટરનો આવો અભિપ્રાય સાંભળ્યા છતાં અશ્વિનભાઈના પિતા ચંદુલાલભાઈ સ્વસ્થ રહ્યા. બીજી બાજુ વિદ્યાર્થી અશ્વિનભાઈ ધીરે ધીરે ઝાંખું દેખાતું હોવાને કારણે અંધારું ઘેરાય તે પહેલાં એમનાં સઘળાં કામ પૂરાં કરવા લાગ્યા. આજે એકવીસમી સદીમાં પણ જે ગણી-ગાંઠી દૃષ્ટિની સમસ્યાનો ઇલાજ નથી, તેમાંની આ એક બીમારી હતી અને એ પછી અમેરિકાના એક ડૉક્ટરની સલાહ લીધી. એમણે પણ કહ્યું, 'તમારી આ વ્યાધિ દૂર થઈ શકે તેમ નથી. બેસ્ટ લક ફોર નેક્સ્ટ લાઇફ', પણ અશ્વિનભાઈએ આ લાઇફમાં 'બેસ્ટ લક' માટે પુરુષાર્થ શરૂ કર્યો. એમણે નિરાશ થવાને બદલે આ સંઘર્ષનો સામનો કરવાનું નક્કી કર્યું. એમણે ક્રિકેટર બનવાની ઇચ્છાને તિલાંજલિ આપીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવાની કારકિર્દી પર નજર ઠેરવી.

એકવીસમા વર્ષે દિવસે પણ ઝાંખું દેખાવા લાગ્યું. સમય પસાર થતો, તેમ બીમારી વધતી જતી. ધીરે ધીરે એ કશું જોઈ શકતા નહીં, પણ બીમારી સામે સંઘર્ષ કરવો અને સંઘર્ષનો એટલી ખુમારીથી સામનો કરવો કે પ્રારબ્ધે પણ તમારી તરફેણમાં ઝૂકવું પડે ! ઈશ્વરે આપેલી નાની-મોટી સમસ્યાઓ તો સ્પીડ-બ્રેકર જેવી છે. એને પાર કરવાની હોય. આમ અભ્યાસમાં અનેક અવરોધોનો સામનો કરવાની સાથે પોતાની છઠ્ઠી ઇન્દ્રિયના અજવાળે એમણે આગેકૂચ કરી. શારીરિક મુશ્કેલીઓને કારણે ક્યારેક અણધારી દુર્ઘટના પણ થતી. કોઈક વાર રાત્રે પાણી પીવા જતાં વૉટર કૂલરને બદલે લિફ્ટના વેલ સુધી પહોંચી જતા, પણ મનમાં એક જ વાત ! 'થાક્યા વિના સંઘર્ષ કરતા રહો અને પડકારોને પરાસ્ત કરતા રહો.' એમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવાનું સ્વપ્ન સિદ્ધ કર્યું. માત્ર ૨૮ વર્ષની ઉંમરે ટ્રિબ્યૂનલમાં 'એપિયર' થઈને જીવનનો પ્રથમ કેસ દબદબાભેર જીત્યા. આથી જે લોકો પહેલાં એમને સહકાર નહોતા આપતા, તેઓ હવે સામે ચાલીને એમના પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પિતાને કહેતા કે, 'મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે હોં.'

સખત મહેનત અને અડગ આત્મવિશ્વાસને સહારે અશ્વિનભાઈએ જીવનની આગેકૂચ જારી રાખી. એ કેસ ઈમાનદારીપૂર્વક લડ્યા અને એમના અસીલની તરફેણમાં ચુકાદો આવ્યો, પણ એમાંથી અશ્વિનભાઈ એ શીખ્યા કે જોખમ લેવું તે સફળતાની પ્રથમ શરત છે. એ પછીની શરતો છે સખત મહેનત અને અડગ આત્મવિશ્વાસ. જો આ ત્રણ શરત બરાબર અનુસરવામાં આવે તો જીત તમારી મુઠ્ઠીમાં આવીને રહે છે. એ પછી તો જિંદગીના અનેક અનુભવો વચ્ચેથી એ પસાર થયા. કારકિર્દીમાં સફળતા હાંસલ કરતા હતા, ત્યારે એવી પણ ઘટનાઓ બનતી કે જ્યારે પિતાએ શીખવેલા નૈતિકતાના સિદ્ધાંતોની કસોટી પણ થતી. એક બાજુ ઉજ્જ્વળ કારકિર્દી અને અઢળક સંપત્તિ હતી, તો સામે પક્ષે નૈતિકતા અને પ્રામાણિકતા હતી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અશ્વિનભાઈએ

એ બાહ્ય આકર્ષણો તજીને નૈતિકતા અને પ્રામાણિકતાના માર્ગે કારકિર્દીમાં આગળ વધવાનું નક્કી કર્યું.

એમની આંખોમાં રોશની નહોતી, પણ એમના ઈમાનની રોશની આગળનો પંથ નક્કી કરતી હતી. કપરી પરિસ્થિતિમાં અડગ રહીને કાર્ય સિદ્ધ કરવાની એમની દૃઢતા સહુને પ્રભાવિત કરતી રહી. પીછેહઠ કરવી કે પાછીપાની કરવી એ એમના શબ્દકોશમાં નહીં. સમયપાલન, શિસ્તબદ્ધતા અને પારદર્શક કામગીરીને સહારે એમની ઉજ્જ્વળ કારકિર્દી ઘડાતી રહી. અપ્રતિમ યાદશક્તિને કારણે કાયદાની દરેક કલમ એમની આંગળીના વેઢા પર રમતી હોય છે ! એ પુસ્તક નજરે જોઈ શકતા નહીં, પરંતુ દલીલ કરતી વખતે પોતાના સાથીને કહેતા કે આ કાયદાની આટલામી કલમમાં આ લખ્યું છે, જુઓ.

એક વાર એમની સાથે ઉચ્ચ અધિકારીને મળવાનું બન્યું, ત્યારે એમની યાદશક્તિ જોઈને હું તાજ્જુબ થઈ ગયો અને એ યાદશક્તિ સાથે પ્રગટતું આત્મબળ ભલભલા અધિકારીને એમની વાત સમજાવી શકતું. આ વિશે તેઓ કહે છે, ‘આજે ત્યાશી વર્ષેય હું આ દૃષ્ટિમર્યાદા સાથે ઈન્કમટૅક્સ એપેલેટ ટ્રિબ્યૂનલ અમદાવાદમાં ‘એપિયર’ થાઉં છું. મોટા મોટા કેસ લડું છું અને મારી સ્મરણશક્તિના આધારે ન્યાયાધીશને સંદર્ભ પુસ્તકનાં અમુક પાનાં પરનો અમુક ક્રમનો ફકરો વાંચો એવું કહી શકું છું. ન્યાયાધીશ ભૂલથી કોઈ અન્ય ફકરો વાંચે તો તરત જ એમને સૂચવતા : સાહેબ, આ નહીં, આના પછીનો કે આના પહેલાંનો ફકરો વાંચો. ન્યાયાધીશસાહેબ પણ મારી સ્મરણશક્તિથી અચંબિત થયા વિના નથી રહેતા. મેં મારી દૃષ્ટિમર્યાદાને તેજ સ્મરણશક્તિમાં પરિવર્તિત કરી છે. આ માટે હું જ્યાં સુધી જાતે વાંચી શકતો હતો, ત્યાં સુધી ખૂબ વાંચ્યું અને હવે પછી મારા સહાયકો પાસે નિયમિત વંચાવું અને સાંભળું છું. થાક્યા વિના સંઘર્ષ કરતા રહો અને પડકારોને પરાસ્ત કરતા રહો. આજે એમને એક હજારથી વધુ મોબાઈલના નંબર યાદ છે. છેલ્લાં પચાસ વર્ષથી નિયમિત રીતે સ્વિમિંગ કરવા જાય છે.

જીવનમાં એક પછી એક નવી જવાબદારીઓ આવતી રહી અને એના દ્વારા એ પોતાની જાતનું ઘડતર કરતા રહ્યા. એમના પિતા ચંદુલાલભાઈ કહેતા કે, ‘જવાબદારી નિભાવી શકો એટલા જવાબદાર બનો.’ ઈ. સ. ૧૯૮૫માં તેઓ વેસ્ટર્ન રિજનલ કાઉન્સિલ અમદાવાદ બ્રાન્ચના ચૅરમૅન બન્યા. એની પ્રત્યેક મિટિંગમાં સમયસર હાજર રહે. દૃષ્ટિની સમસ્યા હોવા છતાં એને માટે જુદા જુદા વિસ્તારના પ્રવાસો કરે. કોઈ નવા વિસ્તારમાં કે કોઈ નવા સ્થળ સાથે ‘તાદાત્મ્ય સાધવા માટે’ એમણે એમની છઠ્ઠી ઈન્દ્રિયને સતત વર્કિંગ મોડ પર રાખવી પડતી હતી. આમ છતાં કશીય ફરિયાદ કર્યા વિના પોતાની જવાબદારી બજાવવામાં આગળ વધી રહ્યા હતા. તેઓ એમની આસપાસ એવા લોકોને જોતા કે જે એમની કટોકટીના સમયમાં ઈશ્વરને ફરિયાદ કરતા હોય છે કે, ‘તેં મને કશું આપ્યું નથી. મારી સાથે અન્યાય કર્યો છે.’

અશ્વિનભાઈને લાગતું કે આવી ફરિયાદ કરતી વખતે વ્યક્તિ ઈશ્વરે આપેલી ઈન્દ્રિયોની પાંચ મહામૂલી ભેટને ભૂલી જાય છે, આથી ચૅરમૅન તરીકે કાર્ય કરતી વખતે

એમણે એક જ સિદ્ધાંત નજરમાં રાખ્યો, 'ફરિયાદ કર્યા વિના કર્મ કરો અને ફતેહ મેળવો.' આથી જ દસમા ધોરણમાં જે વિદ્યાર્થી અશ્વિનને ગણિત જેવા વિષયમાં ઉપર ચડાવવામાં આવ્યો હતો, એ પિતાના સ્વપ્નને સાકાર કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બન્યો. ચોપાસ ભ્રષ્ટાચાર અને લાગવગશાહી ચાલતાં હોય તેવા વાતાવરણની વચ્ચે રહીને પ્રામાણિકતાના સિદ્ધાંતની સાથે પ્રતિષ્ઠિત વકીલ બનવાનો પડકાર સ્વીકાર્યો અને પોતાની દૃષ્ટિમર્યાદા સામે આજીવન સંઘર્ષ ખેલીને સફળતાની ટોચ પર પહોંચવાનું કામ કર્યું.

સમયપાલન, શિસ્તબદ્ધતા અને પારદર્શક કામગીરી એ એમની વિશેષતા. સતત પરિશ્રમથી પડકાર ઝીલતા જાય અને સફળતા હાંસલ કરતા જાય. ક્યારેક તાવ હોય, તબિયત નાદુરસ્ત હોય તોપણ ઇન્કમટૅક્સ ટ્રિબ્યૂનલ કોર્ટમાં હાજર થઈને પોતાની કામગીરી બજાવે. દલીલ કરવાની ક્ષમતા તો એવી કે સામી વ્યક્તિ માત્ર સાંભળ્યા જ કરે. પોતાના કામ પ્રત્યેનું એક ઝનૂન જોવા મળે અને એથી જ એમનું જીવનકાર્ય એ સહુ કોઈને માટે સંઘર્ષ, સચ્ચાઈ અને સફળતાનું દૃષ્ટાંત બની રહ્યું છે. વળી પોતાની સિદ્ધિઓમાં સીમિત રહેવાને બદલે પરમાર્થની સુવાસ ફેલાવતા રહે છે. સેવા એમને માટે શ્રમ નહીં, પણ આંતરિક ઉલ્લાસ છે. એમને મળવાનું થાય એટલે એમ લાગે કે આત્મવિશ્વાસની બુલંદી ધરાવતી વ્યક્તિને મળી રહ્યો છું. એમના એ આત્મવિશ્વાસનો રણકો એમના અવાજમાં અને લહેકામાં પણ અનુભવવા મળે.

તેઓ જ્યારે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયાના અમદાવાદ બ્રાન્ચના ચૅરમૅન હતા, ત્યારે મનમાં વિચાર્યું કે બ્રાન્ચને પોતાનું એક મકાન પણ હોવું જોઈએ. આને માટે સેન્ટ્રલ કાઉન્સિલની ચૂંટણીમાં વિજય મેળવીને એમણે પોતાનું એ સ્વપ્ન પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો અને આખરે અમદાવાદને એ સંસ્થા માટે ભવન મળ્યું. આને માટે ઠેર ઠેર ટહેલ નાખી. સારા કામને માટે ક્યાંય અટકવું નહીં, એ એમનો સિદ્ધાંત છે.

એમને લાગતું કે, 'તમારી જાતને અમુક અંશે લોકોપયોગી કાર્યો માટે અર્પણ કરવી એ જ માત્ર સાચો માર્ગ છે. જેના દ્વારા તમે જીવન પાસેથી ઘણું બધું મેળવી શકો છો.'

એવામાં એમને અંતરિયાળ અને અલ્પ વિકસિત એવા, હાંસિયામાં ધકેલાઈ ગયેલા ગોધરાની પાસેના વતન કાંકણપુર ગામનો પોકાર સંભળાયો, અહીં નહોતી વીજળી, નહોતાં પાકાં મકાનો, નહોતી સ્કૂલ કે કૉલેજ. ફાનસના અજવાળામાં રાતો વિતાવવી પડતી અને દસમા-બારમા ધોરણનો અભ્યાસ કરવા માટે છેક વડોદરા સુધી જવું પડતું. કોઈ ગંભીર બીમારી કે ઇમરજન્સીના સમયે દર્દીને જીવ ગુમાવવાનો વખત આવતો. આવે સમયે સર્વોદય ચેરિટેબલ ટ્રસ્ટને કારણે આ કાંકણપુરની સિકલ બદલાઈ ગઈ અને જે ગામમાં ઉચ્ચશિક્ષણ સંસ્થા નહોતી, તેવા આ છેવાડાના ગામમાં કૉલેજ ઊભી કરી. આ સમયે અશ્વિનભાઈએ અનુભવ્યું કે સેવા કરવામાં ક્યારેય થાક લાગતો નથી.

કૉલેજ થયા બાદ હૉસ્પિટલના નિર્માણનું સ્વપ્ન એ સેવવા લાગ્યા અને પોતાની વ્યાવસાયિક વ્યસ્તતા વચ્ચે એમણે એ સ્વપ્ન પણ સિદ્ધ કર્યું. ૧૯૯૦ની ૩૧મી મેએ

એ હૉસ્પિટલનો પ્રારંભ થયો અને ધીરે ધીરે કેળવણીક્ષેત્રમાં પણ કૉમર્સ કૉલેજ, આર્ટ્સ કૉલેજ અને બી.એડ્. જેવી કૉલેજો પણ ઊભી થવા લાગી. વિદ્યાને આકર્ષી રહે એવો સુયોગ સધાયો. બાળપણથી જ સાહિત્યનો અખૂટ પ્રેમ ધરાવનારા અશ્વિનભાઈએ વિદ્યાર્થીકાળમાં રમણલાલ દેસાઈની 'ગ્રામલક્ષ્મી' નવલકથા વાંચી હતી અને એનો એમના પર પ્રબળ પ્રભાવ પડ્યો હતો. એ નવલકથામાં અશ્વિન નામનું એક પાત્ર હતું, જે એમને આકર્ષી ગયું અને એમના જીવનને એ ગ્રામોદ્ધાર કરનારા અશ્વિનનું પાત્ર સતત પ્રેરતું ગયું.

પુસ્તકોનો પ્રેમ પણ એવો કે કૉલેજના અભ્યાસકાળ દરમિયાન પાંચ-છ કલાક ગ્રંથાલયમાં ગાળતા હતા અને આજે પોતાની જીવનસંધ્યાએ એ ગ્રંથસર્જકોનો આભાર માને છે કે જેમણે એમની સાથે પ્રત્યક્ષ જોડાયા વિના અખૂટ પ્રેરણા આપી છે. ગાંધીજીના 'સત્યના પ્રયોગો'એ પ્રામાણિકતા અને નિર્ભીકતાનો માર્ગ આપ્યો, તો વળી કાકા કાલેલકર એમને ઘેર બેઠાં હિમાલયનાં દર્શને તેડી ગયા. અશ્વિનભાઈ માને છે કે જેમણે પુસ્તકોનો સંગ નથી કર્યો, તે જીવનમાં ઘણી બાબતોને પામ્યા વિના રહી જાય છે. જિંદગીના પડકારો ઝીલીને અને અથાગ પરિશ્રમ કરીને પ્રગતિ સાધનાર આ એકલવીર આજે ૮૩ વર્ષે પણ શ્રવણશક્તિના આધારે ઇન્કમટૅક્સ એપેલેક ટ્રિબ્યૂનલમાં 'એપિયર' થાય છે અને ભલે ચર્મચક્ષુથી જોઈ શકતા ન હોય, પરંતુ સ્મૃતિચક્ષુથી કાયદાની કલમના ગ્રંથોના ગ્રંથો નિહાળી શકે છે. બોલી શકે છે !

'અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી' એ પંક્તિને જીવંત રૂપે જોવી હોય તો તમને અશ્વિનભાઈમાં જોવા મળે અને તેથી જ એમની આ જીવનકથની એ માત્ર એમનો અંગત આત્મવૃત્તાંત બની રહેતી નથી, પરંતુ અનેક વ્યક્તિઓને આફતો સાથે ઝઝૂમીને ખમીર, ખુમારી અને ખુદ્દારીથી સિદ્ધિ મેળવવાની અને એ પછી પોતાના જીવનને કલ્યાણના માર્ગે વધુ ઉન્નત અને સાર્થક કરવાની પ્રેરણા આપતી રહે છે.

**– કુમારપાળ દેસાઈ**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

જૂન મહિનામાં ૪ જૂને 'નીડર નટ્ટુ', ૧૮ જૂને 'હનુમાનજીની પૂંછ' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૧ જૂને 'કાણું ઘોડું ને કરડકણું', ૨૫ જૂને 'બિલ્લી વાઘ તણી માશી' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# ચીનની ભારત પ્રત્યેની સાત ધારણાઓ

'આપણે મિત્રો પસંદ કરી શકીએ છીએ, પણ પાડોશીઓ નહીં.' આ ઉક્તિ આપણા દેશ ભારતના પાકિસ્તાન-ચીન જેવા પાડોશીઓ હોય ત્યારે અચૂક યાદ આવે જ. અત્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારે ઊથલપાથલનો આરંભ થયો છે. આગામી વર્ષોમાં વિશ્વરાજકારણનાં અનેક સમીકરણો બદલાશે. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ ઍટમબૉમ્બની શક્તિ સાથે એક બાજુ અમેરિકા, બ્રિટન અને ફ્રાંસ તો બીજી બાજુ યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ સોવિયેટ રશિયા(USSR)ના બે જૂથમાં વહેંચાયેલી દુનિયામાં શીતયુદ્ધના મંડાણ થયાં હતાં. ભારત, ઈજિપ્ત, ઈન્ડોનેશિયા, યુગોસ્લોવિયા અને ઘાનાએ નૉન એલાઈન્ડ મૂવમેન્ટ (NAM) અંતર્ગત તટસ્થ રાષ્ટ્રોનો સંઘ રચ્યો હતો. ૧૯૭૪માં અમેરિકાએ પાકિસ્તાન દ્વારા પહેલ કરીને ચીનને માન્યતા આપી, એટલું જ નહીં પણ તેને તાઈવાનની જગ્યાએ વિટો પાવર સાથે સલામતી સમિતિમાં કાયમી સભ્યપદ આપ્યું. ભારતને આ સ્થાને પહોંચવા ઝઝૂમવું પડે છે. આવે સમયે ચીન અને અમેરિકા તેમાં વાંધાઓ લે છે. ચીનને અમેરિકાએ વ્યાપાર સંધિ દ્વારા પણ અનેક લાભો આપ્યા. ચીન આજે ખૂબ શક્તિશાળી બન્યું છે. તેમાં અમેરિકાનો ટેકો સૌથી મહત્ત્વનું કારણ છે. ૧૯૯૦માં પૂર્વ અને પશ્ચિમ જર્મનીનું એકત્રીકરણ થયું. બર્લિન દીવાલ તૂટી અને સાથે યુએસએસઆર પણ તૂટીને વિઘટન પામ્યું. બે મહાસત્તાની જગ્યાએ હવે માત્ર અમેરિકા દુનિયાની સૌથી શક્તિશાળી મહાસત્તા રહી. અમેરિકાએ પોતે નક્કી કરેલાં પોતાનાં હિતોની સાચવણી માટે એશિયા, દક્ષિણ અમેરિકા અને આફ્રિકામાં અનેક જગ્યાએ લશ્કરી થાણાંઓ સ્થાપ્યાં, અનેક દેશોમાં યુદ્ધ કર્યું કે આંતર-વિગ્રહો કરાવ્યા. પોતાનાં શસ્ત્રોનું વેચાણ વધતું રહે અને અન્ય કોઈ દેશો શક્તિશાળી ન થાય તેવી નકારાત્મક નીતિ અપનાવી અને તેની માઠી અસર ભારત સહિત અનેક દેશોને થઈ છે.

ભારત ૧૯૪૭માં અંગ્રેજોથી આઝાદ થયું. ચીનમાં ૧૯૪૮માં માઓત્સે તુંગના નેતૃત્વ હેઠળ સામ્યવાદી શાસનની શરૂઆત થઈ. પશ્ચિમના દેશોએ આ સામ્યવાદી શાસનને માન્યતા ન આપી. ચીનના સામ્યવાદી શાસનને માન્યતા અપાવવામાં તેની સાથે સહયોગ કરવામાં ભારત અગ્રેસર રહ્યું. ચીનનાં હિતો આગળ ધપે તેવી વકીલાત ભારત કરતું રહ્યું. ચીન-ભારતના વડાપ્રધાનોની મુલાકાત બાદ 'હિંદી-ચીની ભાઈ ભાઈ'નાં સૂત્રો વહેતાં થયાં. ૧૯૫૬માં 'પંચશીલ' નામનો કરાર કરી બંને દેશોએ અરસપરસ સાથે દોસ્તી કરી, એકમેકના સાર્વભોમત્વને આંચ ન આવે તેવી કાર્યવાહી કરી. ચીનની મુરાદ મેલી હતી. સરદાર પટેલે ડિસેમ્બર, ૧૯૫૦માં તેમના મૃત્યુના થોડા દિવસ અગાઉ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનું લાંબા પત્રથી ધ્યાન દોર્યું હતું કે ચીન ચાલાક છે. હિમાલયની દીવાલ હવે અભેદ્ય નથી. ચીનના નકશામાં ભારતના અનેક ભાગો પર પોતાની માલિકીનો દાવો કરવામાં આવ્યો હતો.

એક મિત્ર અને પાડોશી ચીન ભારતનાં હિતોનું નુકસાન નહીં કરે તેવા ભ્રમમાં

નહેરુજી રાચતા રહ્યા. ચીને તિબેટ જેવા વિશાળ દેશનો કબજો કરવા માંડ્યો, લદાખ અને અરુણાચલમાં ભારતની ભૂમિ પર ક્રમશઃ દબાણ કરવા માંડ્યું. ૧૯૫૯માં ચીનની સેના તિબેટની રાજધાની લ્હાસામાં પ્રવેશે તે પૂર્વે તિબેટના ધાર્મિક અને રાજકીય વડા ૨૬ વર્ષના દલાઈ લામાને ત્યાંથી રાતોરાત નીકળવું પડ્યું અને તે ભારત-ચીનની આસામની સરહદેથી ભારતમાં આવ્યા. બૌદ્ધ ધર્મના આ વડાને ભારતે આવકાર્યા, રાજ્યાશ્રય આપ્યો અને હિમાચલ પ્રદેશમાં ધરમશાલા મુકામે તેમની સમાંતર સરકારના કામકાજની તમામ વ્યવસ્થા કરી આપી. ભારતના આ કૃત્યને દુશ્મનીનું વલણ માની ચીને ભારત પ્રતિ જે આક્રમક રવૈયો અપનાવ્યો છે તે આજે વધારે ને વધારે ઉગ્ર બનતો જાય છે. ભારત-ચીન વચ્ચે ૧૯૬૨ના ઑક્ટોબરમાં ભીષણ યુદ્ધ થયું હતું. ભારતીય સેનાએ અનેક લશ્કરી થાણાંઓ સાથે વિશાળ ભૂભાગ ગુમાવ્યો. ભારત ને ચીનની આ કાર્યવાહીએ આક્રોશને જન્મ આપ્યો. ચીન ખંધું છે, અવિશ્વસનીય છે, ચીને મિત્ર ભારતે કરેલી તરફેણોનો આભાર માનવાની જગ્યાએ આક્રમણ થકી જે શત્રુતા બાંધી છે તેમાં ૬૧ વર્ષ બાદ પણ કોઈ નોંધપાત્ર ઘટાડો જોવા મળતો નથી.

ચીનની ભારત પ્રત્યેની નીતિ સાત ધારણાઓ પર નક્કી થઈ હોય તેમ આપણે વિશ્લેષણથી સમજી શકીએ.

૧. ચીન ભારત પ્રત્યે જ નહીં પણ તમામ દેશો સામે ગુરુતાગ્રંથિથી પીડાય છે. ૯૫ ટકા વસ્તી એક જ ‘હાન’ જાતિની છે. પાંચ ટકા લઘુમતીઓની તેની અલગ ઓળખ મિટાવવા ચીન સક્રિય છે. ચીન માટે માનવીય હક્કો કે સંવેદનાનો પ્રશ્ન જ નથી. ગુરુતાગ્રંથિથી પીડાતા ચીનની વૃત્તિ એટલી ક્રૂર છે કે ચીની ભાષામાં વિદેશી માટેના શબ્દનો અર્થ ‘અસભ્ય, અસંસ્કારી(બર્બર)’ થાય છે. વિદેશી પ્રત્યેની ચીનની પ્રજાની ઘૃણાનો અનુભવ સૌને થાય છે.

૨. ચીનને બૌદ્ધ ધર્મ દ્વારા સંસ્કારી કરનાર ચીન ભારતની કોઈ સારી વાત કે તેના ગૌરવશાળી ઈતિહાસને સ્વીકારવા તૈયાર નથી. ચીન માટે ભારત એક નીચા દરજ્જાનો દેશ છે. ચીનની ભારત પ્રત્યેની અવમાનના કિસ્સાઓ વારંવાર બને છે.

૩. ચીનની ઈચ્છા વિશ્વની મહાસત્તા બનવાની છે તેમાં ભારતની વિશાળ વસ્તી અને ઉપખંડ જેવા કદને લઈને ચીન ભારતને એક પ્રતિસ્પર્ધી - દુશ્મન માને છે. ભારત શક્તિશાળી ન બને, વિભાજિત રહે, પાડોશીઓથી પરેશાન રહે તે માટે ચીન સતત અનેક પ્રકારના પેંતરાઓ રચતું રહે છે. ચીને અનેક દેશોને વિકાસ માટેની સહાયના ઓઠાં હેઠળ પોતાના દેવાદાર બનાવી તેની મૂલ્યવાન આંતરમાળખાકીય સુવિધાઓ પર કબ્જો જમાવ્યો છે. અનેક દેશોની કુદરતી સંપત્તિ પર ચીને આધિપત્ય જમાવ્યું છે. ભારત ચીનની સમકક્ષ થાય કે આગળ નીકળી જાય તો શું ? આવા ભયથી ચીન હંમેશાં ભારતની લીટી ટૂંકી કરવાની નીતિને અનુસરે છે.

૪. ભારત અને ચીન વચ્ચેની સરહદો બ્રિટિશરોએ પોતાની જોહુકમી ચલાવીને નક્કી કરી છે તેમ કહીને આ સરહદો ચીનના કોઈક કાલ્પનિક કબ્જાની વાત આગળ ધરીને અક્ષય ચીન, લદાખ અને અરુણાચલ ભારતના નહીં પણ ચીનના છે તેવો દાવો કરે છે. તેમાં બાંધછોડ કરવા તૈયાર નથી. ૬૧ વર્ષથી ભારત-ચીન વચ્ચે આ મતભેદ

**(અનુસંધાન ૧૮મા પાને)**

# દેશના ૬૯ ટકા મોબાઈલ વપરાશકારોને પજવતી
# કોલ ડ્રોપની સમસ્યા

ભારતનાં નાનાં-મોટાં બે હજાર જેટલાં શહેરોમાં 5જીની સર્વિસ શરૂ થઈ ચૂકી છે. પાંચ કરોડ વપરાશકર્તા સુધી 5જી નેટવર્ક પહોંચી ચૂક્યું છે. દેશના કુલ મોબાઇલ ઈન્ટરનેટ વપરાશકર્તામાંથી ૪.૩૭ ટકા વપરાશકર્તાઓ 5જી નેટવર્કની સ્પીડના ઝોનમાં આવી ગયા છે. ૭૭ કરોડ વપરાશકર્તાના મોબાઇલમાં 4જી નેટવર્ક છે. આ આંકડો ઝડપભેર ઘટી રહ્યો છે અને 5જીનો વપરાશ કરનારા વધી રહ્યા છે. ૨૦૨૪ સુધીમાં દેશમાં ૧૫ કરોડ ગ્રાહકો 5જી વાપરતા હશે. ૨૦૨૫ સુધીમાં 5જી વપરાશકર્તાનો આંકડો વધીને ૩૦ કરોડને પાર પહોંચી જશે.

ખાનગી મોબાઇલ નેટવર્ક સર્વિસ પ્રોવાઇડર કંપનીઓએ દેશનાં નાનાં-મોટાં ૨૦૦૦ કરતાં વધુ શહેરોમાં 5જીની સુવિધા આપી દીધી હોવાનો દાવો પણ થઈ રહ્યો છે. એક તરફ 5જીની લોકચાહના વધી રહી છે ત્યારે બીજી તરફ દેશમાં કૉલ ડ્રૉપની સમસ્યા પણ વધી છે. ઑનલાઇન સર્વે ફર્મ લોકલ સર્કલે એક સર્વેક્ષણ હાથ ધર્યું હતું. દેશના ૩૩૮ જિલ્લાના મોબાઇલધારકોને કૉલ ડ્રૉપનો સવાલ કરાયો હતો. ૬૯ ટકા લોકોએ કૉલ ડ્રૉપની ફરિયાદ કરી હતી. મોટાભાગના લોકોએ કહ્યું હતું કે 5જી નેટવર્ક લૉંચ થયું ત્યારથી કૉલ ડ્રૉપનું પ્રમાણ વધ્યું છે. વૉટ્સએપ વૉઇસ કે વીડિયો કૉલમાં મુશ્કેલી નથી પડતી, પરંતુ ફોન જોડીએ ત્યારે એક વખતમાં ભાગ્યે જ વાત થઈ શકે છે. સતત કૉલ ડ્રૉપ થતા હોવાથી લોકો વૉટ્સએપ કૉલ તરફ વળ્યા છે.

કૉલ ડ્રૉપ એટલે ફોન જોડાઈ જાય પછી બંને તરફના કૉલરને એકબીજાનો અવાજ સાંભળવામાં પડતી મુશ્કેલી. ફોન જોડાય તે પહેલાં પણ ઘણી વખત એક તરફના કૉલરને લાગે કે સામે ફોન જોડાયો જ નથી, પરંતુ સામેના કૉલરના મોબાઇલ સ્ક્રીનમાં ફોન આવ્યાનું બતાવે છે. ફોન ઉપાડ્યા પછી સામેથી કોઈ જ અવાજ ન આવતો હોવાનું લાગે. કેટલીક વખત એક કૉલરને બીજાનો અવાજ આવતો હોય. એને લાગે કે કોઈ જ મુશ્કેલી નથી, ફોન બરાબર જોડાયો છે અને તેનો ફોન નેટવર્કમાં પણ હોય છે. એક તરફ એકદમ બરાબર લાગતી સ્થિતિથી વિપરીત સામેના કૉલરને અવાજ જ સંભળાતો નથી. ફોન જોડનારે જેને ફોન જોડ્યો છે તે સામેના કૉલરનો અવાજ આવતો હોય અને ફોન જોડનારનો અવાજ સામેના મોબાઇલમાં જતો નથી. આ પ્રકારની મુશ્કેલી પડે એટલે સામાન્ય રીતે બીજી વખત ફોન કનેક્ટ કરવો પડે છે.

આવું અત્યારે ભારતભરના મોબાઇલ વપરાશકર્તાને કરવું પડે છે. દેશની દરેક નેટવર્ક પ્રોવાઇડર કંપનીઓના નેટવર્કમાં ઓછા-વધુ પ્રમાણમાં આ સમસ્યા છે. બધી



જ કંપનીના ગ્રાહકો કૉલ ડ્રૉપની વ્યાપક ફરિયાદ કરી રહ્યા છે. દરરોજ કરોડો વપરાશકર્તાના કૉલ ડ્રૉપ થાય છે. એક વખતમાં ફોન લાગી જાય તો એ મોટી સિદ્ધિ ગણાવા લાગે એવી હાલત છે. કૉલ ડ્રૉપની વ્યાપક ફરિયાદ ઊઠ્યા બાદ ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરિટી ઑફ ઇન્ડિયા(ટ્રાઈ)એ કંપનીઓને નોટિફિકેશન પાઠવ્યું હતું.

આ પહેલી વખત નથી કે સરકારે કૉલ ડ્રૉપની સમસ્યાનું સમાધાન શોધવા કવાયત આદરી છે. અગાઉ આ મુદ્દો બહુ ગાજી ચૂક્યો છે અને સુપ્રીમ કોર્ટના દ્વારે પણ પહોંચી ચૂક્યો છે. અગાઉ ટ્રાઈએ કંપનીઓને કૉલ ડ્રૉપના મુદ્દે દંડ ફટકાર્યો હતો. દેશભરમાં 4જી સર્વિસ લૉંચ થઈ ત્યારે કૉલ ડ્રૉપનો દોર શરૂ થયો હતો. 4જી નેટવર્ક અને ફોન નેટવર્કની રેડિયો ફ્રિકવન્સી વચ્ચે સમાનતા ન હોવાથી અવરોધ આવતો હતો અને તેથી સમસ્યા સર્જાઈ હતી એવું કંપનીઓનું કહેવું હતું. તે વખતે ટ્રાઈએ દરેક કંપનીને તાકીદ કરી હતી કે ઓછામાં ઓછા બે ટકા કૉલ ડ્રૉપ થાય ત્યાં સુધી એક્શન લેવાશે નહીં, પરંતુ જો કંપનીઓના સરેરાશ કૉલ ડ્રૉપની ટકાવારી તેનાથી વધારે હશે તો પાંચ લાખ રૂપિયાનો દંડ થશે. ૨૦૧૬થી જ બે ટકાથી વધારે કૉલ ડ્રૉપ ન થાય એવી ગાઇડલાઇન કંપનીઓને આપવામાં આવી હતી, પરંતુ એ ગાઇડલાઇનનું પાલન ભાગ્યે જ થયું હતું.

કૉલ ડ્રૉપનાં જુદાં જુદાં કારણો રજૂ કરવામાં આવે છે. જેમ કે, મોબાઇલમાં રેડિયો કવરેજ ન હોય ત્યારે કૉલ ડ્રૉપ થાય છે. ઇન્ટરનેટની સ્પીડ રાબેતા મુજબ આવતી હોવા છતાં ફોન કનેક્ટ કરવામાં મુશ્કેલી પડે છે. એક જ નેટવર્કમાં વધુ વપરાશકર્તાનો ‘ટ્રાફિક જામ’ થઈ જાય તોપણ મુશ્કલી સર્જાય છે. ઘણી વખત તહેવારોમાં અમુક કલાકો સુધી ફોન લાગતો નથી, એની પાછળ વધારે વપરાશકર્તાની સક્રિયતા જવાબદાર હોય છે. રસ્તામાં કૉલ ડ્રૉપની સમસ્યા બહુ જ સાધારણ છે, કારણ કે મોબાઇલમાં અલગ અલગ સ્થળેથી રેડિયો ફ્રિકવન્સી પકડાય છે. જેમ આપણે એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે કાર, ઑટોરિક્ષા, બસ, ટ્રેન કે મેટ્રોમાં સવાર થઈએ એમ મોબાઇલ નેટવર્કને પણ રેડિયો ફ્રિકવન્સી બદલવી પડે છે. એ વચ્ચેના ગાળામાં કૉલ ડ્રૉપ થાય છે. આપણે

અનુભવ્યું હોય કે ચાલુ કારમાં અચાનક કોઈ સ્થળે અવાજ આવતો બંધ થઈ જાય. વળી, અમુક સેકન્ડ પછી ફોન રાબેતા મુજબ ચાલવા લાગે છે. આવું થાય ત્યારે ફોન નેટવર્ક તેના રેડિયો તરંગો બદલે છે.

આમાંનાં અમુક ટૅક્‌નિકલ કારણ ટ્રાઈ માન્ય રાખે છે. રસ્તામાં કૉલ ડ્રૉપ થાય તો એને ટૅક્‌નિકલ ગણીને જવા દેવામાં આવે છે, પરંતુ ઘર-ઑફિસમાં બેઠાં-બેઠાં ફોન કરીએ ને વારંવાર કૉલ ડ્રૉપ થાય તેને ટ્રાઈ કંપનીઓની લાપરવાહી ગણે છે અને એટલે એક સમયે તો એક કૉલ દીઠ ગ્રાહકને એક રૂપિયાનું વળતર આપવા સુધીના નિર્દેશ થયા હતા. કેટલીક વખત કંપનીઓ અલગ પ્રકારનાં કારણો બતાવીને બચી જાય છે. કૉલ ડ્રૉપમાં દોષનો ટોપલો મોબાઇલ ઉત્પાદક કંપનીઓ પર ઢોળવામાં આવે છે. મોબાઇલ નેટવર્ક પ્રોવાઇડર કંપની કહે છે કે મોબાઇલ ફોનની ગુણવત્તા નબળી હોવાથી આ સમસ્યા થાય છે. ઘણી વખત કંપની કહે છે કે ગ્રાહકે અમુક વર્ષોથી સિમ કાર્ડ બદલ્યું ન હોવાથી સિમ કાર્ડ જૂનું થયું છે અને ઘસાઈ ગયું હોવાથી નેટવર્કમાં મુશ્કેલી પડે છે. જો ખરેખર એવું હોય તો કંપનીઓએ અમુક સમયે ગ્રાહકને સિમ કાર્ડ બદલવાનું કેમ કહ્યું નથી એવો સવાલ પણ ઊઠ્યો હતો.


અત્યારે 5જી નેટવર્કનું સેટઅપ ગોઠવાતું હોવાથી કૉલ ડ્રૉપની મુશ્કેલી આવે છે એવું નેટવર્ક પ્રોવાઇડર કંપનીઓ બચાવમાં કહે છે. 4જી વખતે આવું જ થયું હતું. સેંકડો ગ્રાહકોએ પૉર્ટેબિલિટી કરાવીને અન્ય કંપનીની સર્વિસ લીધી હતી, પરંતુ ત્યાંય એવો જ અનુભવ થયો હતો. આ વખતે 5જી નેટવર્કનું સેટઅપ ગોઠવાઈ રહ્યું હોવાથી ફરીથી ગ્રાહકો પરેશાન બન્યા છે.

કૉલ ડ્રૉપ પાછળ ટેલિકોમ કંપનીઓની ખર્ચ બચાવવાની માનસિકતા જવાબદાર છે. અગાઉ 4જી વખતે એક તરફ 4જીનું સેટઅપ ગોઠવાતું હતું, પરંતુ ગ્રાહકો વધ્યા છતાં મોબાઇલ ટાવર્સની ક્ષમતા વધારાઈ ન હતી. ધારો કે એક મોબાઇલ ટાવર બન્યો ત્યારે એના રેડિયો તરંગના વિસ્તારમાં ૧૦ હજાર ફોન આવતા હોય તો હવે એની સંખ્યા બમણી થઈ ચૂકી છે, પરંતુ કંપનીઓએ ખર્ચ ઘટાડવા મોબાઇલ નેટવર્કની ડિશ વધારી નથી કે ટાવર્સની સંખ્યા પણ એટલી વધી નથી જેટલી વધવી જોઈએ. પરિણામે કૉલ ડ્રૉપમાંથી મુક્તિ મળતી નથી.

સોશિયલ મીડિયામાં વારંવાર ગ્રાહકો કૉલ ડ્રૉપની ફરિયાદ કરીને સરકાર કંઈક પગલાં ભરે તેવી રજૂઆત કરતા રહે છે. વ્યાપક ફરિયાદ પછી કેન્દ્ર-સરકારે થોડા સમય પહેલાં ટેલિકોમ કંપનીઓના પ્રતિનિધિઓને બોલાવીને કૉલ ડ્રૉપ બાબતે જવાબ આપવાની તાકીદ કરી હતી અને આગામી દિવસોમાં કૉલ ડ્રૉપને નિવારવા તેમ જ 4જી સર્વિસમાં કોઈ અવરોધ ન આવે એ રીતે સ્પીડ મેઇન્ટેઇન કરવા બ્લૂ પ્રિન્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. કંપનીઓએ એ સુનિશ્ચિત કરવું પડશે કે 5જીની ડેટા સ્પીડના કારણે નૉર્મલ કૉલને કોઈ જ મુશ્કેલી પડશે નહીં.

**— હર્ષ મેસવાણિયા**

# રંગોના કસબી પ્રફુલ્લ દવે



કલાગુરુ પ્રફુલ્લ દવે

રંગોના કસબી, શીર્ષક વગરનાં ચિત્રોના સર્જક અને ચિત્રો દ્વારા અંતિમ વાસ્તવિકતા, શૂન્યતા અને શાંતિનું વાતાવરણ સર્જનાર ચિત્રકાર પ્રફુલ્લ દવેએ ૧૫ જૂન, ૨૦૨૨ના રોજ વેટ્ઝીકોન, સ્વિટ્ઝર્લૅન્ડ ખાતે આ દુનિયામાંથી અંતિમ વિદાય લીધી.

શ્રી પ્રફુલ્લભાઈ દવેનો જન્મ ૧૪, ઑક્ટોબર, ૧૯૩૪ના રોજ ભાવનગરમાં થયો હતો. શાળેય શિક્ષણ એ. વી. સ્કૂલમાં અને પછી આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં લીધું. ભાવનગરની ઘરશાળામાંથી મૅટ્રિકનો અભ્યાસ કર્યો. ચિત્રકલામાં રસ હોવાથી મૅટ્રિકમાં ચિત્રનો વિષય રાખીને ઉત્તીર્ણ થયા. કલાશિક્ષક શ્રી જગુભાઈ શાહની પ્રેરણા અને માર્ગદર્શનથી વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફાઇન આર્ટ્સ કૉલેજમાં દાખલ થયા. ઈ. સ. ૧૯૫૭માં ચિત્રકલા અને ફોટોગ્રાફીમાં બી.એ. થયા. કૉલેજકાળ દરમિયાન ખ્યાતનામ ચિત્રકાર બેન્દ્રેસાહેબના પ્રિય વિદ્યાર્થી બની રહ્યા.

બી.એ. થયા પછી પ્રો.બેન્દ્રેના સૂચનથી મુંબઈમાં હૅન્ડલૂમ સેન્ટરના કલાવિભાગમાં જોડાયા. થોડા સમયમાં તેમણે તે વિભાગને પોતાની આગવી સૂઝથી નવો ઓપ આપ્યો. ત્યાંના વણાટકામના કારીગરો પાસેથી પ્રિન્ટિંગના વિશિષ્ટ નમૂનાઓ તૈયાર કરાવી નવી શૈલી વિકસાવી. એમની આ શૈલીને કલાપારખુઓએ ઉમળકાથી વધાવી લીધી.

પોતે ચિત્રકારનો જીવ એટલે કલાસાધના સહજપણે ચાલુ રહી. ઈ. સ. ૧૯૫૭માં ફ્રેન્ચ કૉન્સ્યુલેટ તરફથી ચાલતી આર્ટ ગૅલરીમાં ભરાયેલા ચિત્રપ્રદર્શનમાં પોતાનાં ચિત્રો પણ મૂક્યાં. એ પ્રદર્શન જોવા માટે ટાટાના ડાયરેક્ટર ફારુકમુલ્લા આવ્યા હતા. તે પ્રફુલ્લભાઈના એક ચિત્રથી એટલા પ્રભાવિત થયા કે એમણે તરત જ એ ચિત્ર ૮૦૦ રૂપિયામાં ખરીદી લીધું. ચિત્ર દ્વારા થયેલી પ્રફુલ્લભાઈની એ પહેલી કમાણી હતી. એ પછી મુંબઈ રાજ્યના પ્રદર્શનમાં ચિત્રો રજૂ કર્યાં. પ્રફુલ્લભાઈ ભુલાભાઈ આર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાયા.

હૅન્ડલૂમ હાઉસના સરકારી તંત્રની રીતિ-નીતિથી પ્રફુલ્લભાઈનો કલાકાર જીવ ગૂંગળાતો હતો. તેઓ આગળ જતાં ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરી ગૅઝેટેડ ઑફિસર થઈ શક્યા હોત પણ એમણે એ હૅન્ડલૂમ હાઉસ છોડી યુ.કે. જવાનો નિર્ણય કર્યો. આ અગાઉ એમણે વડોદરાના ચિત્રકાર મિત્રોનું એક જૂથ બનાવી કલાપ્રદર્શનો શરૂ કર્યાં હતાં. મુંબઈની શેમોલ્ડ ગૅલરીમાં એમનાં પ્રદર્શનો યોજાતાં હતાં.

આવા જ એક પ્રદર્શનમાં સ્વિટ્ઝર્લૅન્ડથી એક કલારસિક બહેન ચિત્રો નિહાળવા આવ્યાં. પ્રફુલ્લભાઈનાં ચિત્રોથી એ અત્યંત પ્રભાવિત થયાં. ચિત્રકાર પ્રફુલ્લભાઈ સાથે સંવાદ થયો. બંને જણ અવારનવાર વિવિધ સ્થળોએ મળતાં. અંતે બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું. જુહુમાં આવેલું કલાકારોનું તે સમયનું જાણીતું અને માનીતું સ્થાન 'જાનકી કુટિર'માં સપ્ટેમ્બર, ૧૯૭૦માં જાણીતા અભિનેતા પૃથ્વીરાજ કપૂરની ઉપસ્થિતિમાં બંને લગ્નગ્રંથિથી જોડાયાં.



**પ્રફુલ્લભાઈ અને લાકડી સાથે શ્રી જગદીશ દવે**

લગ્ન પછી ભારતમાં રહેવું, ઇંગ્લૅન્ડમાં રહેવું કે પછી સ્વિટ્ઝર્લૅન્ડમાં રહેવું અને સ્થિર થવું એ માટે ખૂબ વિચારણા કરી. આખરે સ્વિટ્ઝર્લૅન્ડમાં સ્થાયી રહેવાનું નક્કી કરી ઝૂરિકના પરગણા ગણાતાં સ્ટેફા (Stafa) ગયાં. ત્યાં નવેક વર્ષ રહ્યાં પછી વેટ્ઝીકોન(Wetzikon)માં ઘર ખરીદ્યું અને ત્યાં કાયમી નિવાસ કર્યો.


ઝૂરિકમાં સ્વિટ્ઝર્લૅન્ડમાં જાણીતા નવ કલાકારોનું તીર્થધામ ગણાતા રોટે ફેબ્રિક(Rote fabrik)માં પ્રફુલ્લભાઈએ એક જગ્યા મેળવી. ઝૂરિક સરોવરના કિનારે આવેલા આ સ્થાનમાં આરંભમાં વણાટકામની ફૅક્ટરી હતી. એ ફૅક્ટરી બંધ પડતાં ત્યાંની સરકારે તે જગ્યા મેળવી રાહતના દરે કલાકારોને ભાડે આપવાનું શરૂ કર્યું હતું. આ જગ્યા પ્રફુલ્લભાઈનો સ્ટુડિયો બની ગયો. અહીં પ્રફુલ્લભાઈની કલાનો સંપૂર્ણ વિકાસ થયો. એમણે ભારત, ઇંગ્લૅન્ડ, અમેરિકા અને યુરોપના અનેક દેશોની પ્રતિષ્ઠિત ગૅલરીઓમાં વિવિધ ચિત્રપ્રદર્શનો યોજ્યાં.

ઈ. સ. ૨૦૨૨માં એક ગોઝારી ઘટના બની. પ્રફુલ્લભાઈ દુકાનમાંથી ખરીદી કરીને ઘેર આવતા હતા ત્યારે ઠેસ વાગતાં તેઓ નીચે પડી ગયા. તેમનું માથું પથ્થર સાથે અથડાતાં ખૂબ લોહી નીકળી ગયું. રસ્તા પરથી પસાર થતી કોઈ નર્સે ઍમ્બુલન્સ બોલાવી અને પ્રફુલ્લભાઈના થેલામાંની ડાયરીમાંથી દીકરાઓના ફોનનંબર મેળવી સૌને બનાવની જાણ કરી, હૉસ્પિટલમાં બે-ત્રણ દિવસની સારવાર દરમિયાન સ્વજનોની ઉપસ્થિતિમાં તેમનું નિધન થયું. ૨૦૨૨માં ૧૫મી જૂન પૂર્ણિમાના દિવસે ચંદ્રના તેજમાં પ્રફુલ્લભાઈના આત્માનું તેજ જ્યોતિ સ્વરૂપે વિલીન થઈ ગયું.

દેશ અને દુનિયાએ એક અનોખો ચિત્રકાર ગુમાવ્યો. એમની સ્મૃતિમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ 'ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ' એમની પ્રથમ પુણ્યતિથિએ આપણા ગૌરવવંતા ચિત્રકાર શ્રી અમિત અંબાલાલને આપી રહ્યું છે અને સોનામાં સુગંધ ભળે તેમ એ ઍવૉર્ડ શ્રી પ્રફુલ્લ દવેના સાથી-મિત્ર અને વિખ્યાત ચિત્રકાર અને સાહિત્યકાર શ્રી ગુલામમોહમ્મદ શેખને હસ્તે ૧૫મી જૂને, શ્રી પ્રફુલ્લ દવેની પ્રથમ પુણ્યતિથિએ આપી રહ્યું છે, ત્યારે શ્રી પ્રફુલ્લભાઈની દિવ્ય ચેતનાને વંદન કરું છું.

**– જગદીશ દવે**

# સ્મરણોની શાંત સલિલા




રતિલાલ બોરીસાગર આપણા જાણીતા અને બહુ-પુરસ્કૃત એવા હાસ્યલેખક છે. ભલે એમનો મૂળરસ હાસ્યલેખનનો રહ્યો હોય પરંતુ બાળસાહિત્ય તેમજ બાલવિકાસનું શિક્ષણ ઉપરાંત સંપાદન અને વિવેચનનાં પુસ્તકો પ્રગટ કરીને એ સ્વરૂપોમાં પણ તેમણે પર્યાપ્ત પ્રદાન કર્યું છે. હવે તેઓ અંગત નિબંધોનું પુસ્તક 'ક્યાં છે મારી નદી ?' (૨૦૨૧) પ્રગટ કરી નિબંધક્ષેત્રે પણ પ્રદાન નોંધાવી રહ્યા છે.

આ સંસ્મરણકથાના નિબંધોનું બીજ ક્યાં પડ્યું છે એ પ્રગટ કરતાં લેખકે 'ભૂમિકા'રૂપ લેખમાં લખ્યું છે કે, 'અંખડ આનંદ' સામયિકના સંપાદનકાર્યમાં તેઓ જ્યારે જોડાયેલા હતા ત્યારે તંત્રી દિલાવરસિંહ જાડેજાએ તેમને હાસ્યલેખ સિવાયની કૃતિ દીપોત્સવી અંક માટે આપવા સૂચવ્યું. પહેલો અંગત નિબંધ લખાયો : 'આંબલી શેરી'. પછી સળંગ બે વર્ષ બીજા બે નિબંધ લખાયા : 'ક્યાં છે મારી નદી ?' અને 'મારું વ્યાયામમંદિર'. પછીના થોડા લેખો યોગેશ જોષીના સૂચનથી પરિષદના મુખપત્ર 'પરબ'માં લખાયા. હવે તે અંગત નિબંધોનાં પુસ્તક તરીકે આપણી સામે છે. ત્યારનું કુટુંબ અને સમાજજીવન વાચકને આકર્ષે છે.

પુસ્તકમાં બે વિભાગો છે : પહેલો વિભાગ બાળપણથી હાઈસ્કૂલ સુધીના સમયને પાંચ નિબંધોમાં સમાવે છે. જ્યારે બીજો વિભાગ ઉચ્ચશિક્ષણની અધૂરી યાત્રા એટલા જ એટલે કે બીજા પાંચ નિબંધોમાં આલેખે છે. લેખકનું માનવું છે કે વિભાગ-૧ કેવળ સંવેદનાત્મક છે, વિભાગ-૨ સંસ્મરણાત્મક છે. જોકે તેમણે એમ પણ લખ્યું છે કે 'મારાં કૉલેજ અને છાત્રાલયનાં સંસ્મરણો રીતસર આત્મકથાનક છે.' વાચનની, ફિલ્મ જોવાની (એક ફિલ્મ તો પચીસ વાર) અને લેખનની ટેવ કેવી રીતે પડી એના રસપ્રદ પ્રસંગો માણવા ગમે છે.

સંસ્મરણો રસપ્રદ પ્રસંગોને કારણે વાંચવાં ગમે તેવાં છે. મૅટ્રિક સુધી તેમના માથે ચોટલી હતી. પછી તે દૂર કરવાની કુટુંબમાંથી મંજૂરી તો મળી, પણ વાળંદ મગનકાકા એ પાપમાં પડવા માગતા નહોતા. આખરે મગનકાકાના દીકરા અને ભાઈબંધ એવા ગોવિંદે રતિભાઈને શિખામુક્ત કર્યા ! આવા તો ઘણા પ્રસંગો લેખકે મરક મરક હાસ્યની રીતે નિરૂપ્યા છે. આખા પુસ્તકમાં પોતે હાસ્યલેખક છે તે અછતું રહેતું નથી. એ જ વાચકને પુસ્તક સાથે જોડી પણ રાખે છે. સાહિત્યિક સંદર્ભો ન આવે તો જ નવાઈ. રમૂજી પ્રસંગો પણ ઘણા છે. કૉલેજમાંથી અધ્યાપક અચાનક વિદ્યાર્થીને ઊભો કરીને બહાર ચાલ્યા જવા સૂચવે છે. વિદ્યાર્થીને સમજાતું જ નથી કે એણે એવો કયો પ્રગટ

દોષ આચર્યો છે ! પ્રામાણિક અને નિષ્ઠાવાન વિદ્યાર્થી તરીકે ખુલાસો મેળવવા જનાર રતિભાઈને ખબર પડે છે કે તેમણે ચાલુ વ્યાખ્યાને બગાસું ખાવાનો દોષ વહોર્યો હતો ! જેના પર પોતાનો કાબૂ ન હોય એવા દોષ બદલ અધ્યાપકે પછી માફી માગી હતી અને બીજા પિરિયડમાં જાતે આવી વર્ગમાં બેસાડી ગયા હતા !

આવો જ છાત્રાલય નિવાસનો એક પ્રસંગ છે. જેમાં અડધી રાત્રે ઘંટ વગાડી બધાને ઉઠાડી મૂકવા પ્રેરક બીજ-વિચાર માત્ર રતિભાઈએ આપેલો. અત્યંત દબાણ વધ્યું ત્યારે વિદ્યાર્થીએ ભૂલનો એકરાર કર્યો અને માફી મળી, આવા બીજા પણ અનેક પ્રસંગો નોંધી શકાય તેમ છે. વયસહજ નિર્દોષ લાગતાં તોફાનોથી જીવનનું ઘડતર થાય છે.

નાના ગામમાં મધ્યમવર્ગીય કુટુંબમાં જન્મીને આગળ વધવું એ પ્રક્રિયાનું આલેખન ઘણા બધા વાચકોને પોતાનાં સ્મરણો સાથે પણ જોડે એ સાવ સ્વાભાવિક છે. કહેવાયું છે કે દુઃખ જોડે છે, સુખ છૂટાં પાડે છે. દુઃખમાંથી આગળ વધીને સુખ સુધી પહોંચ્યા હોઈએ તો દુઃખનો સમય વાગોળવો ગમતો હોય છે. આ જ ખરું કારણ છે સ્મરણો લખવા પાછળનું અને સ્મરણકથાઓ વંચાતી રહેતી હોવા પાછળનું. જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ આવાં દુઃખદ કાળનાં સુખદ સ્મરણો આપણા પર બોજ બનીને હેઠે ઊતરવા મજબૂર કરતાં હોય છે. ગ્રીક સાહિત્યમાં જે માટે ‘કેથાર્સિસ’ શબ્દ વપરાયો છે એવી હળવા થવાની અને એ પ્રક્રિયાને માણવાની આ પદ્ધતિ છે. લેખક અને વાચક બંને તેમાંથી પસાર થતા હોય છે. હળવાફૂલ થઈને બહાર આવતા હોય છે અને બીજા આગળ ઘટનાઓનું પુનરાવર્તન પણ કરતા હોય છે, આનંદ અનુભવતા હોય છે. ચિત્તભાવની આ શુદ્ધિ છે.

પુષ્કળ મહેનત કરીને જે તે સમયની દુર્લભ તસવીરો પુસ્તકમાં મૂકવામાં આવી છે જે બદલ લેખકે ઘણી બધી વ્યક્તિઓનો ઋણસ્વીકાર પણ કર્યો છે. થોડી દસ્તાવેજી હકીકતો પણ સરસ રીતે વણી લેવાઈ છે. આદિલ મન્સૂરીની જાણીતી ગઝલ ‘મળે ન મળે’ પુસ્તકની શરૂઆતમાં મૂકવામાં આવી છે જે સંસ્મરણકથામાં જવા માટે એપેટાઈઝરનું કામ કરે છે, પછી ક્ષુધા-તૃપ્તિ હાથવગી છે.

નદી કોને ન ગમે ? આપણા સૌંદર્યલુબ્ધ પ્રવાસલેખક ભોળાભાઈ પટેલે એક નિબંધમાં એવો રંજ પ્રગટ કર્યો છે કે મારું ગામ એવું હતું જ્યાં કોઈ નદી કે પર્વતો પણ ન હતાં ! અહીં એવું છે કે પહેલાં જે ખળખળ વહેતી નદી હતી અને જેમાં પૂર આવતું એ આજે અદૃશ્ય છે. લેખક તીવ્ર સંવેદનાથી ચિત્કારી ઊઠે છે – ‘ક્યાં છે મારી નદી ?’ નદી હતી એને કારણે જ તો સાવર અને કુંડલા બેને જોડતો ભૌતિક પુલ ઊભો કરવો પડેલો. આજે નાવલી ઉજ્જડ છે અને નિમાણો થઈ ગયેલો પુલ ઊભો છે ! વિનોબાએ તો સરસ નોંધ્યું છે કે, ‘પુલથી ખુશ થવા જેવું નથી. ગામની સમૃદ્ધિને પુલ બહાર ખેંચી જાય છે અને ગામ સમૃદ્ધ મટીને ગરીબ બને છે.’ પુસ્તકના શીર્ષક તરીકે આ ચિત્કાર મુકાયો છે, જે આજે તો આખા સમાજનો બની રહ્યો છે. સુંદર ચિત્ર પુસ્તકના બે ટાઇટલ સુધી પ્રસરેલ છે અને કવિ મંગલેશ ડબરાલના કાવ્યની પંક્તિઓ નદી ન હોવાના વિષાદને વધુ ઘેરો બનાવે છે. પાણીમાં હલતા દેખાતા ચહેરા અને તરતી નાવ બધું જ નદીના અનઅસ્તિત્વ સાથે તણાઈ ગયું છે. લોકો ઊંઘમાં હોય ત્યારે

રેતીમાંથી જે અવાજ સંભળાય છે તે ડરામણો હોય છે. સમગ્ર સંસ્મરણોમાં આ ખોવાઈ ગયેલ નદી ભીતરમાં વહ્યા કરતી હોય એવું અનુભવાયા કરે છે.

સંસ્મરણકથાઓ, આત્મકથાઓ અને જીવનચરિત્રો વાંચવાથી માનવજાતનો એક આછો ઈતિહાસ આપણા ચિત્તમાં જડાઈ જતો હોય છે. માણસ સરખામણીમાં રાચતો હોય છે. શું સરખું છે ને શું જુદું છે, કયા સંજોગો વ્યક્તિને આગળ લઈ ગયા, કેવા સંજોગોમાં તે પાછો પડ્યો, શેના પર વિજય મેળવ્યો ને શેનાથી હારી ગયો એવું બધ્ધે-બધ્ધું બીજી વ્યક્તિ વિશે જાણવાની ઈચ્છા વાચકને આવાં પુસ્તકો તરફ દોરી જાય છે. સંઘર્ષમાંથી સફળતા સુધી કેવી રીતે જવું તેનો એક ખ્યાલ વાચક-ચિત્તમાં પ્રચ્છન્ન રીતે ઊભો થતો હોય છે. આ આલેખન લેખકની સફળતા હોય છે. સંસ્મરણોનું આ રસાળ પુસ્તક એ બધી આશા-અપેક્ષાઓને સંતોષે છે.

**– ડંકેશ ઓઝા**

---

**(૧૦મા પાનાનું ચાલુ)**

ખૂબ ગંભીર છે. આ સરહદી વિવાદ કોરાણે મૂકીને ચીન-ભારત વચ્ચે અબજો ડૉલરનો વેપાર ચાલે છે. જોકે આ વેપાર ચીનને અબજો ડૉલર કમાવી આપે છે. ચીન ભારતને પોતાનો માલ ચીનમાં વેચવામાં અચડણો પેદા કરતું રહે છે.

૫. ભારતે અનેક વખત જાહેરમાં તિબેટ પરનું ચીનનું આધિપત્ય સ્વીકાર્યું છે, પરંતુ ભારતે દલાઈ લામાને રાજ્યાશ્રય આપી, સમયાંતર સરકારને સુવિધા આપીને ચીનને તિબેટ છોડવું પડે તેવું કાર્ય કર્યું છે. ચીનના રોષનું આ એક મોટું કારણ છે.

૬. ભારતમાં લોકશાહી છે ત્યારે ચીનમાં એક પક્ષ અને વર્તમાનમાં તો એક વ્યક્તિ સર્વેસર્વા છે. શી જિનપિંગ આજીવન પ્રમુખ બન્યા છે તે માટે તેમણે ચીનના જૂના વિશાળ સામ્રાજ્યનું પુનઃગઠન કરી વિશ્વમાં ચીન એક માત્ર મહાસત્તા રહેશે તેવા વચન સાથે પ્રજાને પ્રભાવિત કરી છે. શી જિનપિંગે તાજેતરમાં રશિયાના સરમુખત્યાર વ્લાદિમીર પુટિનને ચાર-પાંચ કલાક સમજાવી ૭૫ વર્ષની ભારત-રશિયા મૈત્રી તૂટે તેવું છળકપટ કર્યું છે. આના કારણે ભારત માટે વિકટ સંજોગોનું સર્જન થયું છે. ચીનની આક્રમકતા વધતી જાય છે. તેનું પહેલું નિશાન આપણે છીએ.

૭. ચીનને અંકુશમાં મૂકવા માટે આપણે અમેરિકા, ઑસ્ટ્રેલિયા, જાપાન સાથે ‘ક્વાડ’ નામ હેઠળ જ રાષ્ટ્રોનું જૂથ રચ્યું છે. ચીને આ જૂથમાં ભારત નીકળી જાય તે માટે રશિયા દ્વારા જબજસ્ત દબાણ પેદા કર્યું છે. શાંઘાઈ સહયોગી સંગઠનની નવી દિલ્હીની બેઠકમાં રશિયાના વિદેશપ્રધાને જે કહ્યું, ચીનના વિદેશ મંત્રીએ જે કહ્યું તે ચીનની આક્રમકતાની વૃદ્ધિ દર્શાવે છે.કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને ખુલ્લો ટેકો અને તાલિબાન-પાકિસ્તાન, ઈરાન-સાઉદી અરેબિયા વચ્ચે સમાધાનો કરાવી ચીને પણ અમેરિકાની જેમ જગત- જમાદારની ભૂમિકા શરૂ કરી છે.

કમનસીબે ભારત માટે પાડોશી ચીન મિત્ર બનવાની જગ્યાએ માથાનો દુઃખાવો બન્યું છે. તેની આક્રમકતા ખાળવી તે આપણા વિદેશનીતિના ઘડવૈયાઓ સમક્ષ સૌથી મોટો પડકાર છે.

**– પ્રવીણ ક. લહેરી**

# અમિત અંબાલાલની નર્મમર્મયુક્ત ચિત્રશૈલી

આઠ-દસ મસમોટી મિલોના અબજોપતિ માલિક અંબાલાલ શેઠના કુટુંબમાં અમિતભાઈનો જન્મ, ભાવનગર ખાતે ૧૯૪૩માં થયો હતો. ઘરમાં વૈષ્ણવ ભક્તિપરંપરાનું વાતાવરણ. અભ્યાસમાં વિનયન, વાણિજ્ય અને કાયદાની સ્નાતક પદવીઓ પ્રાપ્ત કરી કૌટુંબિક ધંધાવ્યવસાયમાં જોડાયા. એ દરમિયાન છગનલાલ જાદવ પાસેથી તેમણે અવૈધિક રીતે ચિત્રકળાની તાલીમ મેળવી. આ ગુરુની પસંદગી પણ અનોખી ગણાય. આધુનિક શૈલી(Modernism)માં ચિત્રસર્જન કરનાર ગુજરાતના પ્રથમ ચિત્રકાર તે છગનલાલ જાદવ. તેમના સર્વ સમવયસ્ક કે વડીલ ચિત્રકારો – રવિશંકર મહાશંકર રાવળ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, રવિશંકર પંડિત, કનુ દેસાઈ – એ આધુનિક થવા માટે મસમોટી મથામણો કરી, પરંતુ એ તમામ મથામણો કૃતક-કૃત્રિમ હતી. સરળતા અને સ્વાભાવિકતા એ તમામ ચિત્રકારોમાંથી માત્ર જાદવસાહેબ પાસે હતી, કારણ કે તેમનામાં કલાતત્ત્વની સાચી-ઊંડી સૂઝ હતી. અને આ જાદવસાહેબની નિશ્રાનો લાભ અમિતભાઈને મળ્યો. ૧૯૭૯થી કૌટુંબિક વ્યવસાયમાંથી અમિતભાઈએ પોતાને પૂરેપૂરા સંકેલી લીધા અને સમગ્ર જીવન કલાને સમર્પણ કર્યું.

બરોડા સ્કૂલના ટોચના ચિત્રકારો - કે. જી. સુબ્રમણ્યન(મણિસર), ગુલામમોહમ્મદ શેખ અને ભૂપેન ખખ્ખરની સોબત અને દોસ્તી અમિતભાઈએ કેળવી. તેનો ખૂબ લાભ અમિતભાઈની ચિત્રકલાને મળ્યો છે. જે બારીક રંગછટાઓ ભૂપેનભાઈનાં જળરંગી ચિત્રોમાં જોવા મળે છે તેવી જ, એટલે કે તેટલી જ ઉત્કૃષ્ટ બારીક રંગછટાઓ અમિતભાઈના જળરંગી ચિત્રોમાં જોવા મળે છે. જળરંગનું માધ્યમ ચિત્રકલાના સર્વ માધ્યમોમાં ઘણું કઠિન છે. ચિત્રોના વિષયોને બાજુ પર રાખીએ, તો પણ ટૅક્નિકની દૃષ્ટિએ જોતાં ગુજરાતમાં જળરંગોના માધ્યમની બાબતે ભૂપેનભાઈ અને અમિતભાઈ સર્વોચ્ચ ટોચે છે. ચિત્રોના વિષયોના મુદ્દા પર આવીએ તો, કહી શકાય કે ચિત્રકલામાં હાસ્ય, કટાક્ષ, વ્યંગ અને નર્મમર્મના રસનું આલેખન ગુજરાતમાં ભૂપેનભાઈ અને અમિતભાઈ સિવાય ભાગ્યે જ બીજા કોઈ કલાકારે સફળતાપૂર્વક કર્યું હશે. ઢોંગીપણું અને ઢોંગને ઉજાગર કરવામાં અમિતભાઈ પ્રવીણ છે. વેપારીઓ, શેઠાણીઓ, યોગીઓ, સાધુઓ, કૂતરાં, બિલાડાં, વાંદરા, મોર, હાથી, ઘોડા, ઊંટ, હરણ, કાગડા, બકરાં, વાઘ, સર્કસના ખેલાડીઓ, મારુતિકાર જેવાં સજીવ અને નિર્જીવ પાત્રોથી અમિતભાઈની ચિત્રસૃષ્ટિ ધબકી રહે છે.

ક્ષુધા-ભૂખની હાજતને એક ચિત્ર 'ધ બેનિવોલેન્ટ બસ્ટ'માં કોઈ શણગાર વિના, શિષ્ટાચારની પરવા કર્યા વિના બેધડક રીતે અમિતભાઈએ આલેખી છે : એક બંગલાના આંગણામાંના બગીચામાં ગોઠવેલા ટેબલ નજીક ગોઠવેલી ખુરશીમાં બેઠેલી જાડી ભૂખી શેઠાણી રસગુલ્લાં ઝાપટી રહી છે. એક કૂતરું આ ટેબલ નીચે છુપાઈને કોઈ ગુપ્ત પ્રવૃત્તિ



કરી રહ્યું છે. આ ગુપ્ત પ્રવૃત્તિ કઈ તે દર્શકના અનુમાનનો વિષય છે. કારણ કે કૂતરાનું માથું, ધડ અને આગલા બે પગ ટેબલ નીચે ટેબલક્લૉથ વડે ઢંકાઈ ગયેલાં છે. માત્ર પાછલાં બે પગ, ઢેકા અને પૂંછડી નજરે પડે છે. બાજુમાં એક પુરુષનું સફેદ આરસ કે સ્ટકો (stucco) પ્લાસ્ટરમાંથી બનાવેલું બાવલું તોફાની સ્મિત વેરી રહ્યું છે. આમ, ભૂખ, ક્ષુધાની હાજત, ખાઉધરાવૃત્તિ આ ચિત્રનું કેન્દ્રબિંદુ છે. ટેબલ નીચે સંતાયેલ કૂતરાની પ્રવૃત્તિ ગુપ્ત હોવાથી જુગુપ્સાપ્રેરક બની રહે છે, શક્ય છે કે તે પ્રવૃત્તિ રતિ-કામક્રીડા હોય અને એથી એ પણ કામક્રીડાની હાજતથી સંતૃપ્તિ કરી રહેલો જણાય છે.

અમિતભાઈએ સિરામિક માધ્યમમાં પણ શિલ્પસર્જન કર્યું છે. કાગળનાં માવામાંથી શિલ્પ પણ બનાવ્યાં છે. એવું એક શિલ્પ આપણા વાર્તાકાર કિરીટ દૂધાતના વાર્તાસંગ્રહ ‘બાપાની પીંપર’ના પૂંઠા પર ઘણા વાચકોએ જોયું હશે.

રાજસ્થાનની નાથદ્વારા શૈલીનાં પિછવાઈ ચિત્રોનો અને લઘુચિત્રોનો એક ખૂબ મહત્ત્વનો સંગ્રહ અમિતભાઈ પાસે છે. નાથદ્વારા ચિત્રકલા પર તેમણે ગહન સંશોધન પણ કર્યું છે, જે પુસ્તક રૂપે ૧૯૯૨માં પ્રકાશિત થયું છે : ‘કૃષ્ણ ઍઝ શ્રીનાથજી : રાજસ્થાની પેઇન્ટિંગ્ઝ ફ્રોમ નાથદ્વારા [Krisna As Srinathjee : Rajasthani Paintings From Nathdwara]

નવોદિત, નવલોહિયા, ઊગતા અને સ્થાપિત થયેલા કલાકારોના કલાસર્જનના જાહેર પ્રદર્શન માટે ગુજરાતમાં પહેલી ચિત્રવીથિકા- આર્ટ ગૅલરી રવિશંકર રાવળે અમદાવાદમાં ચિત્રકૂટ બંગલામાં ઊભી કરી હતી. એવી જ બીજી ગૅલરી ઊભી કરવાનું શ્રેય અમિતભાઈને મળે છે. અમદાવાદમાં ગુજરાત કૉલેજના રેલવે ફાટક પાછળ ૧૯૬૦માં પોતાના અશોક બંગલામાં કોન્ટેમ્પરરી - Contemporary Art Gallery ઊભી કરી, સાવ નજીવા ભાડાના બદલામાં અસંખ્ય કલાકારોને પોતાની કૃતિઓ પ્રદર્શિત કરવાની મહામૂલી તક સતત દસકાઓ સુધી આપી. આર્થિક ખેંચ અનુભવતા કલાકારો પાસેથી તો તેઓ એટલું મામૂલી ભાડું પણ નહોતા લેતા. વિશ્વભરમાં કલાક્ષેત્રે જેમણે પોતાનું અને ભારતનું નામ રોશન કર્યું છે તે ગુજરાતના અને ભારતના આ કલાકાર અમિતભાઈ અંબાલાલને ‘ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ’ અર્પણ થાય છે, તેનો અત્યંત આનંદ.

**– અમિતાભ મડિયા**

# પાણીનું એક જુદું રૂપ : ભારેખમ પાણી

આ વર્ષે (૨૦૨૩) ચૈત્ર મહિનામાં અષાઢની અનુભૂતિ થઈ. આપણા ગુજરાતમાં ઋતુચક્ર પ્રમાણમાં ઘણું વ્યવસ્થિત અને એક ચોક્કસ પેટર્ન મુજબ વર્તે છે. તેને કારણે જૂન મહિનો અથવા તો અષાઢ મહિનો શરૂ થતાં જ આપણે સૌ ચોમાસાની રાહ જોવા લાગીએ છીએ. આભમાંથી વરસતું પાણી ક્યાંયથી બનીને આવતું નથી પણ તે સતત ફરતું રહે છે. આમ તો પાણી ક્યારેય બગડતું નથી પણ આપણાં કરતૂતોને લીધે તે પીવા લાયક નથી રહેતું તે અલગ વાત છે. વાતાવરણમાં, પૃથ્વીની સપાટી પર કે પછી પાતાળમાં બધે જ પાણી હોય છે - તેની હલચલ પણ સતત ચાલુ હોય છે. પૃથ્વીવાસી જીવો માટે પાણી અનિવાર્ય છે માટે જ જ્યારે અન્ય ગ્રહ કે પૃથ્વીના ઉપગ્રહ પર પાણીના અણુઓના સગડ મળે તો પણ આપણે સૌ રાજી રાજી થઈ જઈએ છીએ. પરગ્રહ અભિયાનમાં 'પાણીની શોધ' એક મુખ્ય મુદ્દો હોય છે. આપણી પૃથ્વીનું પાણી પૃથ્વી છોડીને બહાર ક્યાંય જતું નથી અને બહારથી બીજું પાણી પૃથ્વી પર આવતું નથી. યુગો પહેલાં નૈસર્ગિક પ્રક્રિયાથી ઉત્પન્ન થયેલું પાણી આજે પણ આપણે વાપરીએ છીએ. પ્રાથમિક શાળામાં આપણને શીખવ્યું છે કે બાષ્પીભવન - ઘનીભવન જેવી પ્રક્રિયા દ્વારા પાણી સતત ફરતું રહે છે જેને આપણે 'જળચક્ર' તરીકે ઓળખીએ છીએ. યુગોથી પૃથ્વી પરનો પાણીનો જથ્થો એનો એ જ છે. બેદરકારી, લોભ, સ્વાર્થ, વસ્તીવધારો જેવાં અનેક પરિબળોને લીધે માનવી માટે ઉપયોગી પાણીનો જથ્થો સતત ઘટતો જાય છે તે એક કડવી વાસ્તવિકતા છે.

આપણે માટે વરસાદ એ પ્રકૃતિના જળચક્રનો અગત્યનો પડાવ છે. આ પડાવે આપણી પાણીની જરૂરિયાતની નૈસર્ગિક આપૂર્તિ થાય છે. રસાયણવિદોએ પૃથ્વી પરના મોટા ભાગનાં તત્ત્વોનું પૃથક્કરણ કરી દરેકનું રાસાયણિક સૂત્ર આપ્યું છે. જોકે સામાન્ય જનતાને આ સૂત્રો સાથે ખાસ કામ પડતું નથી હોતું માટે તેઓ રાસાયણિક સૂત્રોથી અંતર બનાવી રાખે છે. પાણી તેમાં અપવાદ છે. મોટાભાગના લોકો જાણતા હોય છે કે હાઈડ્રોજનના બે પરમાણુઓ અને ઑક્સિજનના એક પરમાણુનું (atom) સંયોજન થઈ પાણીનો એક અણુ (molecule) બને છે. આ હિસાબે પાણીનું શાસ્ત્રોક્ત નામ હાઈડ્રોજન ઑક્સાઈડ થાય. વાતાવરણમાં ઑક્સિજનનું પ્રમાણ ૨૧ % જેટલું હોય છે જ્યારે હાઈડ્રોજન વાયુ વાતાવરણમાં નથી હોતો તેમ કહીએ તો પણ ચાલે. હાઈડ્રોજન તત્ત્વ બીજાં તત્ત્વો સાથે સંયોજન સ્વરૂપે વિપુલ પ્રમાણમાં આપણી પૃથ્વી પર ઉપલબ્ધ છે. તેનું એક ઉદાહરણ પાણી છે. કુદરતનો ખેલ તો જુઓ : હાઈડ્રોજન અને ઑક્સિજન બંને વાયુઓ છે પણ પાણી પ્રવાહી છે. હાઈડ્રોજન અત્યંત જ્વલનશીલ છે અને આગ લગાડવા માટે ઑક્સિજનની હાજરી અનિવાર્ય છે, પરંતુ આ બંનેનું સંયોજન - પાણી; આગ ઠારવાનું કામ કરે છે. હાઈડ્રોજન અને



**ભારેખમ પાણી**

ઑક્સિજનના ગુણધર્મો જાણ્યા પછી કલ્પના કરો કે વાતાવરણમાં હાઇડ્રોજન પણ મિશ્રિત હોત તો શું થાત? હવા તો જુદા જુદા વાયુઓનું મિશ્રણ છે જેમાં દરેક વાયુ પોતાના ગુણધર્મો જાળવી રાખે છે જ્યારે રાસાયણિક સંયોજનમાં સંયોજિત તત્ત્વો પોતાના ગુણધર્મો જાળવી રાખતાં નથી. સંયોજનના વિશિષ્ટ ગુણધર્મો પ્રગટ થાય છે. મિશ્રણમાંથી તેના ઘટકો છૂટા પાડવા સરળ છે. યાદ કરો કોરોનાકાળમાં કેટલી સરળતાથી આપણે હવામાંથી ઑક્સિજન છૂટો પાડી શકતા હતા. રાસાયણિક સંયોજનનાં તત્ત્વો છૂટાં પાડવા માટે ખાસ પ્રક્રિયા કરવી પડે છે. તેને કારણે કોરોના વખતે ઑક્સિજન મેળવવા માટે પાણીનો ઉપયોગ નહોતો થતો. ભવિષ્યમાં હાઇડ્રોજન વાહનો માટે હાઇડ્રોજન મેળવવા માટે ખાસ પ્રક્રિયા માટેના મસમોટાં કારખાનાં ઊભાં કરવાં પડશે.

તત્ત્વોના પરમાણુઓની એક ખાસ પ્રકારની રચના હોય છે જે દરેક તત્ત્વ માટે અલગ અલગ હોય છે. રસાયણશાસ્ત્રમાં ઊંડા ઊતર્યા સિવાય આપણે એટલું તો જાણી લઈએ કે દરેક તત્ત્વના પરમાણુઓ એક આગવી રચના ધરાવતા હોય છે જેને આધારે તેના ભૌતિક ગુણધર્મો નક્કી થતા હોય છે. તેમાંનો એક ગુણધર્મ છે દળ. અહીં કુદરતની લીલા જુઓ. લગભગ બધાં જ તત્ત્વોના પરમાણુ એકથી વધારે માત્રામાં દળ ધરાવતા હોય છે. આ પાણીના હાઇડ્રોજન પરમાણુની વાત કરીએ તો તે બધાં જ તત્ત્વોમાં સૌથી હળવો એટલે કે સૌથી ઓછા દળવાળો પરમાણુ છે પરંતુ તેનાથી ભારે તેના બે મોટા ભાઈ (પરમાણુ) અસ્તિત્વ ધરાવે છે. આખાય તત્ત્વ વિશ્વમાં હાઇડ્રોજન જ એક એવો પરમાણુ છે જેના બે મોટા ભાઈને પણ નામ આપવામાં આવ્યાં છે. અહીં થોડીક શાસ્ત્રોક્ત વાત કરી લઈએ. પરમાણુ પોલા ગોળા જેવો હોય છે. સમગ્ર પરમાણુનું દળ ધરાવતું કેન્દ્ર ધન વીજભારીત હોય છે. તેની ચોમેર ઋણ વીજભારીત ઇલેક્ટ્રૉન પરિક્રમા કરતા હોય છે. કેન્દ્રમાં પ્રોટૉન અને ન્યૂટ્રૉન નામના કણો હોય છે. પ્રોટૉન ધન વીજભારીત હોય છે જયારે ન્યૂટ્રૉન વીજભાર રહિત હોય છે. આ બંનેનું દળ સમાન હોય છે. કેટલાંક તત્ત્વો એવાં હોય છે જેમના પ્રોટૉનની સંખ્યા સમાન હોય છે પરંતુ

ન્યૂટ્રૉનની સંખ્યા જુદી જુદી હોય છે. આવાં તત્ત્વોને એકબીજાનાં સમસ્થાનિકો (Isotopes) તરીકે ઓળખવામાં આવે છે. આમ હાઈડ્રોજનના સમસ્થાનિક પરમાણુ હાઈડ્રોજનથી ભારે હોય છે. હાઈડ્રોજનના બે સમસ્થાનિક પરમાણુઓ (deuterium અને tritium) છે. જ્યારે આવા સામાન્ય હાઈડ્રોજન પરમાણુથી ભારે તેના સમસ્થાનિક બે પરમાણુઓ (ડ્યુટેરિયમ-Deuterium) એક ઑક્સિજન પરમાણુ સાથે સંયોજાય ત્યારે ભારે પાણીનો એક અણુ (molecule) પ્રાપ્ત થાય છે. આ આપણા $H_2O$ અણુથી જુદો છે માટે તે 'ભારે પાણી' (Heavy Water) તરીકે ઓળખાય છે. આ છે પાણીનું એક બીજું સ્વરૂપ. આપણે રોજિંદા જીવનમાં જેને 'ભારે પાણી' કહીએ છીએ તેમાં તો વધુ માત્રામાં ખનિજ અને ક્ષાર દ્રાવ્ય હોય છે. તે પાણીનું બીજું સ્વરૂપ નથી. જ્યારે આ રસાયણશાસ્ત્રનું ભારે પાણી અણુશક્તિ ઉત્પાદનની પ્રક્રિયાનું એક જરૂરી ઘટક છે. દુનિયાના ઘણા દેશોમાં ભારે પાણીનું ઉત્પાદન થાય છે. ભારે પાણીનું ઉત્પાદન કરતા દેશોની સૂચિમાં આપણો દેશ આગલી હરોળમાં છે અને અમેરિકા સહિતના વિશ્વના અન્ય દેશોમાં તેની નિકાસ પણ કરે છે.

સામાન્ય પાણી સાથે ખૂબ જ થોડા પ્રમાણમાં ભારે પાણી પણ ભળેલું હોય છે. રસાયણવિદોના કહેવા મુજબ સાદા પાણીના ૬૭૬૦ અણુ સામે ભારે પાણીનો એક અણુ હોય છે. સેંકડો લિટર સામાન્ય પાણીનું સતત ઈલેક્ટ્રૉલિસીસ (વીજળીથી તત્ત્વો છૂટા પાડવાની પ્રક્રિયા) કર્યા પછી જે થોડાક મિલીલિટર પાણી બચે તે હોય છે ભારે પાણી. ૧૯૪૩ સુધી ભારે પાણી આ રીતે જ મેળવવામાં આવતું હતું. હા, સાદા પાણી કરતાં ભારે પાણીનું ઉત્કલન તાપમાન ઊંચું હોવાથી તે આંશિક નિસ્યંદનથી પણ મેળવી શકાય છે.

અલ્પ પ્રમાણમાં ભારે પાણી જીવસૃષ્ટિ માટે હાનિકારક નથી પરંતુ વનસ્પતિ અને જીવોના વિકાસને ભારે પાણી અવરોધે છે. તમાકુનાં બી તો તેમાં અંકુરિત નથી થતાં. અરે ! ટેડપોલ, નાની માછલીઓ અને ઉંદરો તો તેનાથી મરી જઈ શકે છે. ભારે પાણીનો ઉપયોગ તેમાંથી હાઈડ્રોજનના સમસ્થાનિક પરમાણુઓ (deuterium અને tritium) મેળવવા માટે થાય છે. સાદા પાણી અને ભારે પાણીના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મોમાં ઘણું સામ્ય છે પણ તેના આણ્વિક ગુણધર્મો જુદા જુદા છે. ભારે હાઈડ્રોજનનો ઉપયોગ અણુભઠ્ઠીની પ્રક્રિયાનું (Nuclear Fusion Reactions) નિયમન કરવા માટે થાય છે. વનસ્પતિમાં શ્વાસોચ્છ્વાસ અને પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયાના અભ્યાસમાં તે ઉપયોગી છે. પાણી કરતાં ભારે પાણીનો ચુંબકીય ગુણધર્મ જુદો હોવાથી તેનો ઉપયોગ ન્યુક્લિયર મૅગ્નેટિક રેઝોનન્સ સ્પેક્ટ્રોસ્કોપીમાં થાય છે.

હાઈડ્રોજનના સમસ્થાનિક પરમાણુ ડ્યુટેરિયમની ઓળખાણ નોબેલ પારિતોષિક વિજેતા અમેરિકન વિજ્ઞાની હેરોલ્ડ ઉરેએ (Harold Urey) ૧૯૩૧માં કરાવી હતી. ત્યારબાદ ૧૯૩૩માં ઈલેક્ટ્રૉલિસીસની પ્રક્રિયાથી શુદ્ધ ભારે પાણીનો નમૂનો મેળવવામાં આવ્યો. પહેલી વખત ભારે પાણીનો ઉપયોગ ૧૯૩૪માં જૈવિક વૈજ્ઞાનિક પ્રયોગ માટે કરવામાં આવ્યો હતો.

**– ચિંતન ભટ્ટ**

# મહામૂલી મૂડી સમા ધીરુબહેન પટેલ

હવે લાગતું હતું કે ગુજરાતી લૅક્સિકન નામે હણહણતો ઘોડો દરેક ગુજરાતીનાં હૃદયે અને કમ્પ્યૂટરે થનગનતો હતો. પરંતુ ન રતિકાકા, ન ધીરુબહેન કે પછી ન તો હું પલાંઠી મારી પ્રશસ્તિના ઓડકાર ખાતાં બેસી રહ્યાં હતાં. ગુજરાતી લૅક્સિકનની સફળતા બાદ અમે આથીય એક મોટા લક્ષ્યબિંદુ ભણી નજર ટેકવી હતી. રતિકાકાને વરસોથી લાગ્યા કરતું હતું કે ભગવદ્ગોમંડળને આમજનતાની વચ્ચે મૂકી દેવું છે. ભગવદ્ગોમંડળ એટલે ગુજરતી ભાષાની મહાન સાંસ્કૃતિક ઘટના. ગુજરાતીઓનાં એ એક વિશાળકાય કાર્ય અને મહામૂલી વિરાસત. ગોંડલના દૂરંદેશ રાજવી ભગવતસિંહજીએ છવ્વીસ વરસોના તપને ઓવારે આપણા ગુજરાતી સમાજને ધરેલું ભવ્યાતિભવ્ય કામ. આ સર્વજ્ઞાનસંગ્રહકોશમાં ૨.૮૧ લાખથી વધુ શબ્દો આમેજ કરાયા છે. તેમાં ૮.૨૨ લાખ અર્થ અપાયા છે અને વળી કુલ મળીને ૯,૨૦૦ પૃષ્ઠોનો આ સંપુટ છે. આમ અમે કંઈક વિશેષપણે ભગીરથ કામ હાથ ધરવાનું ગોઠવતા હતા.

અને પછી ધીરુબહેન મચી રહ્યાં. પરિણામે અમારાં એ મશાલધારી આગેવાન બની ગયાં. ગોંડલ સુધરાઈની કચેરીની મુલાકાત લેવા અમે સાથે ગોંડલ જવા નીકળી પડ્યાં. કૉપીરાઇટના ધણીધોરી સુધરાઈ હતી અને અમે રજા મંજૂરી મેળવીને જંપ્યાં. આ પ્રવાસમાં અમે મકરંદભાઈ દવેને મળવાને ભાગ્યશાળી થયાં.

પરિણામે ઈ. સ. ૨૦૦૮ની ૧૮ એપ્રિલના દિવસે ‘ભગવદ્ગોમંડળ’નું ડિજિટલાઈઝેશન કરવાનો પ્રારંભ કર્યો. એ શુભ દિવસ મહાવીરજયંતીનો હતો. આ સમૂળા પ્રકલ્પનાં આગેવાન મશાલચી ધીરુબહેન પટેલ હતાં. એમણે લાગતીવળગતી અગત્યની વ્યક્તિઓ જોડે સંપર્ક કરવાનું રાખેલું. તેમાં ભાષાશાસ્ત્રી કીર્તિદાબહેન શાહનોય સમાવેશ હતો. વળી, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી ક્ષેત્રના સમર્થ જાણકારો અને અમારા જૂથ જોડે તો અલબત્ત એ સંકળાયેલાં જ રહ્યાં. કેટકેટલી વખત અમે વારસાગત જટિલતાઓને કારણે કે પછી ભાષા-તજ્જ્ઞોના સહકારના અભાવને કારણે અટવાઈ જતાં. ધીરુબહેન તરત અમારી વહારે ધાતાં. જરૂરી હોય ત્યાં ફોનસંપર્ક કરી લેતાં અને પરિણામે ગુજરાતી ભાષાશાસ્ત્રીઓનો ટેકો-સહાય મેળવીને જંપતાં. આમ અમારી પ્રવૃત્તિ વણથંભી આગળ ધપતી રહી. ‘ભગવદ્ગોમંડળ’ અંગેની સમગ્ર પ્રવૃત્તિમાં એ સતત સંકળાયેલાં રહ્યાં. અમારા રોજબરોજના સવાલોના ઉકેલ મેળવી દેતાં. અમને હૂંફ-ટેકો દેતાં રહેતાં. નિતનવા વિચારોય અમારા ગૂંજે ભરી દેતાં. ટૂંકમાં સદાય અમારામાં ઉત્સાહ પ્રેર્યા કરતાં. દરેક વેળા અમે મૂંઝવણમાં હોઈએ કે તરત ધીરુબહેન હસતાં હસતાં કહેતાં : ‘થઈ જશે.’ અને એમ જ થતું. આમ વિશ્વાસનું ભાથું એ બંધાવીને જ રહેતાં. જાદુઈ ચિરાગ હોય તેમ આખરે પરિણામ જોવા મળતું !

રતિકાકાને ચિંતા રહેતી : એ ધીરુબહેનને કહેતા કે પોતાની આવરદામાં આ પ્રકલ્પનું કામ સંપન્ન થશે તેની એમને કોઈ ખાતરી નથી. ધીરુબહેન એમને વિશ્વાસ

બંધાવતાં અને કહેતાં, પોતે ખુદ બધી તાકાત લગાવશે અને રતિકાકાની આવરદામાં જ તે સફળતા બક્ષશે. ધીરુબહેન તો જીવનકાર્યમાં અડીખમ મશાલચી હતાં ને ! ભાષા સંબંધી અમારા અનેક કોયડાઓનો તથા પડકારોનો ઉકેલ કાઢીને જ રહ્યાં. મને અને મારાં જૂથ-સાથીદારોને ટૅક્નૉલૉજી પર જ ધ્યાન આપવાનું સૂચવ્યાં કરતાં.

'ભગવદ્‌ગોમંડળ'ના અવતરણને ૨૬ વરસ લાગેલાં, પરંતુ આવા આવા હૂંફ-ટેકાને કારણે અમે ફક્ત બાર મહિનાની અંદર જ ડિજિટલાઇઝેશનનું ભગીરથ કામ પાર પાડી શક્યા હતા. હા, માત્ર એક વરસથીય એ ઓછો સમયગાળો ! આ ખુદ એક વિક્રમ હતો. અત્યંત શિસ્તભર્યા વાતાવરણમાં આ પ્રકલ્પનું કામ હાથ ધરાયું હતું. ત્રણ ત્રણ જૂથમાં સમાંતરે આ ગંજાવર કામ હાથ ધરાયેલું હોઈ કોઈ ભૂલથાપ વગરનું આ કામ અમે પરિપૂર્ણ કરી શક્યાં હતાં.

ધીરુબહેને રામનવમીના સપરમા દિવસે – ૩ એપ્રિલ, ૨૦૦૯ના દિવસે 'ભગવદ્‌ગોમંડળ'ની ડિજિટલ આવૃત્તિને જાહેરમાં લોકાર્પિત કરી. 'ભગવદ્‌ગોમંડળ'ની ડિજિટલ આવૃત્તિએ સફળતાના અનેક દરવાજા ઉઘાડી આપ્યા અને અમારો વ્યાપ અનેકગણો વધારી દીધો. છએક માસમાં તો, ભગવદ્‌ગોમંડળની મૂળ મુદ્રિત આવૃત્તિની સરખામણીએ ક્યાંય વિશેષ સંખ્યાએ તેનો સધિયારો લીધો. આટલું કમ હોય તેમ અમારા આ 'ભગવદ્‌ગોમંડળ'ની ડિજિટલ આવૃત્તિને યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકાની ફેડરસ સરકારની 'લાઇબ્રેરી ઑવ્ કૉંગ્રેસ'ની સૂચિમાં તેનું સ્થાન નિશ્ચિતપણે અંકિત કરાયાનું જાણ્યું. હવે ફરી વખત 'ભગવદ્‌ગોમંડળ'નો દબદબો જામતો હતો અને તેની લોકભોગ્યતા પણ વધવધ થયા કરતી. ગોંડલના રાજવી ભગવતસિંહજી આમ પોતાની વારસાઈ મૂડી નવોદિત પેઢી સુધી પહોંચતી જોઈને સંતોષ લેતા હશે !

'ભગવદ્‌ગોમંડળ'ના ઉત્તર લોકાર્પણ ગાળામાં મારે કલ્પનાતીત પ્રોફેશનલ ઊબડખાબડ પરિસ્થિતિનો સામનો કરવાનો આવ્યો. ધીરુબહેને મને અમદાવાદ છોડી જવાની સલાહ આપી અને મુંબઈ જઈને એન.એસ.સી.માં નોકરી કરવાને સમજાવ્યો. મારે સારુ જરૂરી સિફારસ પણ કરવાની એમણે તૈયારી બતાવી. મૂંઝવણભર્યા તથા તાણના તેમ જ અંધાધૂંધીના આ સમૂળા સમયગાળા દરમિયાન, એ મારી અડખેપડખે જ હતાં અને મને હૂંફ આપ્યાં કરતાં. એમની સહાયને કારણે, મારો વિશ્વાસ ફેર બંધાયો અને ફરી વાર જોતરાઈ જવાને સારુ કટિબદ્ધ થયો.

ધીરુબહેન, કાકા, વિપુલભાઈ, ઉત્તમકાકા અને ગુજરાતી લૅક્સિકનના જૂથસભ્યોએ એક સાથે અનેક કામ હાથ ધર્યાં અને ભાષાનાં કામોમાં આગળ ધપતાં રહ્યાં. લોક-કોષ, રમતગમત, મોબાઇલ ઍપ્સ તો તેના માત્ર થોડાક દાખલાઓ છે. ધીરુબહેનને ગાંધીજી માટે ખાસ આકર્ષણ હતું. અમે અમારા આ ગમતીલા પ્રકલ્પ સારુ વખત વખત પર વિચારવિમર્શ કરતાં રહેતાં. એ અમારું અધૂરું સપનું છે. અમને અત્યન્ત સમૃદ્ધ 'ગાંધી હેરિટેજ પૉર્ટલ'ની રચના કરવાના ઓરતા હતા. આને સારુ અમે એપ્રિલ, ૨૦૧૧ વેળા સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન ઍન્ડ મેમોરિયલ ટ્રસ્ટ સમક્ષ એક અધિકૃત સૂચિત રજૂઆત પણ કરી રાખી હતી, પરંતુ તેનું કોઈ પરિણામ આજ સુધી આવ્યું નહીં.

ધીરુબહેન પટેલના સમગ્ર સાહિત્યને ડિજિટલાઈઝ્ડ કરીને ગુજરાતી લૅક્સિકન પૉર્ટલ પર કાયમી સ્થાન આપવાના મને મનોરથ હતા. આને સારુ હું ૨૦૧૨માં એમને મળવાય ગયો હતો. પૂરતી ધીરજ સાથે એમણે મને સાંભળ્યો હતો. અને પછી કહે, આ સરસ યોજના છે. પરંતુ પ્રકાશકોની આવકમાં આથી ઘટાડો થશે માટે તેને ટાળીએ. આ સન્નારીની કેવી તે આ ઊંચાઈ ! આ તે કેવું ઉદાત્ત તાદાત્મ્ય !

મારી લંડન ખાતે બદલી થઈ ત્યાં લગી હું એમને મુંબઈ અને અમદાવાદમાં નિયમિતપણે મળ્યા કરતો. અમારું અરસપરસ મળવાનું ઘટ્યું જરૂર હતું, પરંતુ મૈત્રી અને દેવળ ગુજરાતી લૅક્સિકન વતી સંગાથે કામ કરતાં જ હતાં. ધીરુબહેન અમને પોરસાવ્યાં કરતાં અને લેખકોને પ્રોત્સાહિત કરતાં રહેતાં કે જેથી બાળલેખન મળ્યાં કરે. બાળ હરીફાઈની યોજના એ એમની દેણ હતી. અને તેથી તો એ મૈત્રીને અને સાથીદારોને સતત સક્રિય સહાય કરતાં રહેતાં. રતિલાલ પ્રેમચંદ ચંદરયા સ્મારક [RPC Memorial] અવસરે ગુજરાતી ભાષાને ક્ષેત્રે જેમણે જીવનભરનું યોગદાન આપ્યું છે તેનું ઉચિત સન્માન કરવાનું અમે વિચારતાં હતાં. વ્યક્તિ અને સંસ્થા - જેમણે પાયાનું કરી જાણ્યું હોય તેમને આમાં સામેલ રાખવાનું વિચારતાં હતાં. ધીરુબહેને સહસા ‘ગુજરાતી વિચારમંચ’નું નામ સૂચવી દીધું.

લંડનથી હું પાછો ફર્યો ત્યાં સુધીમાં તો ધીરુબહેને અમદાવાદમાં વસવાટ કરવાનું શરૂ કરી દીધું હતું અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ જોડે સક્રિયપણે કામ કરવાનુંય શરૂ કરી દીધેલું. જાણે કે એ જ એમનું નિવાસસ્થાન બની રહ્યું અને જાતભાતની નાનીમોટી પ્રવૃત્તિઓમાં ટેકેદાર બની જઈ એ રચ્યાંપચ્યાં રહ્યાં. છેવટે ગુજરાતી લૅક્સિકન ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાથે જોડાઈને રહ્યું તેમાંય કદાચ એમનો જ અગત્યનો ફાળો હોય તેમ પણ બને. જાણે કે ગુજરાતી ભાષાના ઉત્કર્ષ સારુ આ બંને, એમની ગમતીલી સંસ્થાઓને, જોડવાનું અગત્ય એમને લાગ્યું હોય.

ધીરુબહેને મારા જીવનમાં બહુ અગત્યનો નોંધનીય ફાળો આપ્યો છે. લગ્નજીવન, ધંધોધાપો અને તેની ચડઉતરાણ ટૂકો, નવી રોજગારી, લંડન વસવાટ જેવી અનેક બાબતો વિશે એ મારાં રોજબરોજનાં માર્ગદર્શક બની ગયાં હતાં. એમની આ ડહાપણ ભરેલી સલાહ, હૂંફાળું આદાનપ્રદાન, માવતર શો પ્રેમ તેમ જ અસીમ પરિશુદ્ધ સ્નેહની મને ખોટ સતત હવે લાગ્યા કરવાની છે. એમના જીવનઅનુભવો તથા પ્રાસંગિક બયાનો મને જોમવંત રાખતા. એમની માનવતા તથા પ્રેમાળ કાળજી-સંભાળનો જોટો મળવો દુર્લભ રહેવાનો છે. હવે એમની હેતાળ વર્ષા છંટકાવ ને હંસરાજ વાડીની મુલાકાતોની ગેરહાજરી મને સતાવ્યા કરવાની છે. એ નિર્વ્યાજ સ્નેહે સતત તરબોળ કરતાં રહેતાં. કોઈ પણ જાતના સ્વાર્થ વિના ધ્યેયને સારુ એમનું લક્ષ્યાંક જોવા મળતું તેની ખોટ લાગતી રહેવાની જ છે.

જેમ જેમ વરસો વીતતાં ગયાં, તેમ તેમ અમારી વચ્ચેનો તંતુ મજબૂત બનતો ગયો અને હું તેમ જ મારી પત્ની કોમલ એમની બુદ્ધિમત્તા તથા સાદગી જોઈને તાજુબ બની જતાં. અમને એમની વાત સાંભળવી બહુ જ ગમતી. એ અમને પોષણ આપતી.

મહાત્મા ગાંધી સાથેનાં અનુસંધાન તથા સ્મરણો એક તરફ અને બીજી પાસ ફિલ્મ-દિગ્દર્શકો જોડેની અરસપરસ મિલન-વાતો અમને તરબતર રાખતાં. કોમલ અને ધીરુબહેન ઘણો સમય સાથે ગાળતાં રહેતાં. અમે આ બધું લાંબા સમયગાળા સુધી સંભાર્યા કરીશું. મારા જીવનમાં એમની આ પધરામણી મારા માટે મહામૂલી મૂડી છે. હું એમની કનેથી ખૂબ લાભ્યો છું. મારે માટે તો ધીરુબહેન એક આધ્યાત્મિક સંત હોય તેવી લાગણી રહ્યા કરી છે.

ધીરુબહેને, એકદા, કાકાને કહેલું, સ્વર્ગપ્રવેશ માટેની તમારી ટિકિટ પાક્કી છે. હળવાશથી અને સજ્જડ વિશ્વાસ સાથે એમની આ વાત મારા મનમાં જડાઈ ગઈ છે. સ્વર્ગમાં બેઠાં બેઠાં એ બંને ગુજરાતી ભાષાના ઉત્કર્ષ સારુ કોઈક યોજના ઘડતાં રહેતાં હશે, તેની મને આથી પાક્કી ખાતરી છે.

એમના આખરી દિવસો દરમિયાન, ગુજરાતી ભાષાના ઉત્કર્ષ સારુ નવી નવી યોજના ઘડવા બાબત મારી સાથે એ વાત કર્યા કરતાં. ધીરુબહેનનો ભાષાપ્રેમ અપ્રતિમ હતો અને એમનો એ વારસો અમે તંતોતંત સાચવી શકીએ તેવી અભ્યર્થના ...

**– અશોક કરણિયા**

(મૂળ અંગ્રેજી સ્મરણાંજલિનું ગુજરાતીકરણ : વિપુલ કલ્યાણી)

(૩-૪ એપ્રિલ, ૨૦૨૩)

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# દરિયાના ભીતરની અંતરમાં ચિંતા



વિધિ બુબના

મુંબઈની અશોકા યુનિવર્સિટીમાંથી ૨૦૧૯માં અર્થશાસ્ત્ર વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવનાર વિધિ બુબનાને અર્થશાસ્ત્ર વિષયમાં કે એના આંકડામાં ખાસ કંઈ રસ ન પડ્યો. વિધિ મહિલાઓના અધિકારો, આંતરરાષ્ટ્રીય સાંપ્રત પ્રવાહો, ક્લાઈમેટ ચૅન્જ એલજીબીટી સમુદાયના પ્રશ્નો વિશે લેખો લખવા માંડી. વિશ્વમાં વસતા ભિન્ન ભિન્ન પ્રકારના લોકો સાથે સમજણ અને શાંતિથી કેવી રીતે રહેવું તે વિશે એણે 'એ વૉક ગાઈડ ટુ લાઈફ' નામનું પુસ્તક લખ્યું છે જે ઑક્ટોબર, ૨૦૨૧માં પ્રકાશિત થયું છે. નાનપણથી જ ટેલિવિઝનમાં દરિયાઈ જીવસૃષ્ટિ જોતી વિધિએ સ્કૂબા ડાઈવિંગમાં માસ્ટર કર્યું અને ૨૦૨૧માં પ્રથમ વાર એણે આંદામાનમાં સ્કૂબા ડાઈવિંગ કર્યું તે અનુભવ વિધિ બુબના એના જીવનમાં કદી ભૂલી શકશે નહીં.

વિધિના મનમાં રંગબેરંગી દરિયાઈ જીવસૃષ્ટિની રમણીય કલ્પના હતી, પરંતુ વાસ્તવિકતા સાવ જુદી નીકળી. તે જ્યારે દરિયાઈ પાણીમાં ઊંડે સુધી ગઈ, તો એને માત્ર સફેદ કોરલ જ જોવા મળ્યા. એનો અર્થ એ હતો કે પ્રદૂષિત વાતાવરણને કારણે બધા કોરલ મૃત અવસ્થામાં હતા. એને લાગ્યું કે તે મરી ગયેલા કોરલના એક કબ્રસ્તાનમાં તરી રહી છે.એ એને એટલું ભયાવહ અને દુ:ખદ લાગ્યું કે પાણીમાંથી બહાર નીકળીને તે રડવા લાગી. એની નિરાશામાંથી જન્મ થયો 'કોરલ વોરિયર્સ' નામની સંસ્થાનો, જેનો ઉદ્દેશ સમુદ્રનું સંરક્ષણ અને જલવાયુ પરિવર્તન અંગે લોકોમાં જાગૃતિ આણવાનું છે. એ દરિયાઈ જીવસૃષ્ટિનું નિરીક્ષણ કરવા વારંવાર એક જગ્યાએ ગઈ. તેણે નોંધ્યું કે શરૂઆતમાં જે રંગબેરંગી કોરલ જોયા હોય તે થોડા દિવસ પછી મૃત્યુ પામ્યા હતા. વાતાવરણની આટલી ઝડપથી અસર થતી હશે એવી વિધિ બુબનાને કોઈ કલ્પના નહોતી.

વિધિ કહે છે કે જલવાયુ પરિવર્તન પર ઘણા પરિસંવાદો અને ચર્ચા થાય છે. આજે એનાં પરિણામો સમગ્ર વિશ્વ ભોગવી રહ્યું છે, પરંતુ જ્યાં સુધી તમે એને નજીકથી ઓળખો, સમજો કે અનુભવો નહીં, ત્યાં સુધી તમને એનાં દુષ્પરિણામોનો ખ્યાલ આવતો નથી. એમાંય મોટાભાગના લોકો દરિયાની ઇકોસિસ્ટમ અને તેના પ્રદૂષણથી

વાકેફ નથી. દર વર્ષે ત્રણસો-ચારસો મિલિયન ટન ભારે ધાતુ, સોલવન્ટ, ઔદ્યોગિક કચરો અને ઝેરી પદાર્થો દરિયામાં ફેંકવામાં આવે છે. તે ઉપરાંત ગરમ પાણી, પ્રદૂષણ, એસિડીક પદાર્થો તેમજ વધુ પડતી માછીમારી કરવી તે પણ દરિયાઈ જીવસૃષ્ટિના મૃત્યુનું કારણ છે. વિધિ બુબના કહે છે કે આ કોરલ ૪૮૫ મિલિયન વર્ષ પહેલાં સૌપ્રથમ જોવા મળ્યા હતા. તેઓ અત્યારે ધીમે ધીમે મરી રહ્યા છે. એનડેન્જર્ડ સ્પેસિસ ઍક્ટ અંતર્ગત બાવીસ પ્રકારના કોરલના અસ્તિત્વ પર ભય તોળાઈ રહ્યો છે. જ્યારે ત્રણ પ્રકારની જાતિ તો વિલુપ્ત થઈ ચૂકી છે. આજે આ કોરલ નવ ટકાના દરે ઓછા થતા જાય છે અને તેની સામે નવા કોરલની ગતિ અત્યંત ધીમી છે. લોકો કોરલ એટલે શું તે સમજે છે, પરંતુ ઇકોસિસ્ટમમાં તેનો શો ફાળો છે તે સમજતા નથી. તે પાણીની નીચેની સૃષ્ટિનું રક્ષણ કરીને તેમને બચાવવા માગે છે. કોરલ વોરિયર્સ શરૂ કરતાં પહેલાં વિધિએ દરિયાઈ જૈવ વિવિધતા અને જલવાયુ પરિવર્તન અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે અનેક વર્કશૉપનું ઑનલાઇન આયોજન કર્યું હતું. કોરલ વોરિયર્સ ભારતની એક એવી પ્રથમ સંસ્થા છે જે ડાઇવિંગ ગ્રાન્ટ આપે છે. જે વ્યક્તિને આમાં ઊંડો રસ હોય અને આ ગ્રાન્ટ લીધા પછી કોઈ પ્રોજેક્ટ લઈ તેમાં સક્રિય રીતે કામ કરે તેને સિત્તેર હજાર રૂપિયાની ગ્રાન્ટ આપે છે. લક્ષદ્વીપ, ગોવા, પુડુચેરી કે આંદામાન-નિકોબાર દ્વીપ સમૂહ પર સ્કૂબા ડાઇવિંગનું શિક્ષણ મેળવી શકે છે. વર્ષે ઓછામાં ઓછી પાંચ વ્યક્તિઓને તેઓ તૈયાર કરવા માગે છે. અન્ય દેશો આવી સ્કૉલરશિપ આપે છે, પરંતુ એશિયાઈ દેશોમાં આ સર્વપ્રથમ પ્રયત્ન છે.

માલદીવના માફુશી અને ફુવામુલાહ વિધિના પ્રિય આયલૅન્ડ છે. એ ઉપરાંત આંદામાન, લક્ષદ્વીપ, ઇજિપ્ત અને ઇન્ડોનેશિયાના અમુક આયલૅન્ડ એને ગમે છે. એ કહે છે કે દરેક જગ્યાએ ડાઇવિંગ શક્ય નથી, કારણ કે પાણી એટલું ચોખ્ખું નથી હોતું કે જીવસૃષ્ટિને જોઈ શકાય. તે અત્યારે લુપ્તપ્રાય થઈ રહેલી બ્રાઝિલની ગિટારફિશ પર જાગૃતિ અભિયાન ચલાવી રહી છે. તે પત્રકારો, પર્યાવરણવિદો અને સમુદ્રી માછીમારો સાથે કામ કરવાની કોશિશ કરી રહી છે, જેથી ગિટારફિશ કે જેનો ગેરકાયદેસર વેપાર થાય છે તેને બચાવી શકાય. અત્યારે તે પાણીની નીચેની ઉચ્ચ ગુણવત્તાવાળી તસવીરો અને વીડિયો સાથે ડૉક્યુમેન્ટરી પર કામ કરી રહી છે. ૨૩ વર્ષની વિધિ બુબના માને છે કે દરિયાઈ પાણીની અંદર શું થઈ રહ્યું છે તે જોવા માટે દરેક વ્યક્તિ ડાઇવિંગનું સાહસ ન કરી શકે અથવા એને એવી અનુકૂળતા ન મળે કે રસ ન હોય, પરંતુ પોતાના ખોરાકમાં ફેરફાર કરીને પણ તે આ કામમાં મદદરૂપ બની શકશે, કારણ કે એક અભ્યાસ પ્રમાણે જો ફિશિંગ ઇન્ડસ્ટ્રી આ પ્રમાણે જ ચાલશે તો ૨૦૪૮ સુધીમાં દરિયો ખાલી થઈ જશે. પ્રત્યેક વ્યક્તિ રોજિંદા જીવનમાં પોતાના કાર્બન ફૂટપ્રિન્ટની મર્યાદા બાંધે. તે જે કંઈ કાર્ય કરે છે તેનાથી હવામાનના તાપમાનમાં વધારો થશે કે નહિ તેટલું વિચારે તો પણ આ જીવસૃષ્ટિને બચાવવામાં મદદ મળશે.

**– પ્રીતિ શાહ**

પ્રકલ્પ

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા
# અસ્મિતા વિશેષ સંવાદ



**(૧) શ્રી જોરાવરસિંહજી જાદવ :**

ખૂબ અજાણ વ્યક્તિઓ દ્વારા પ્રસ્તુત થઈ રહેલ લોકવિદ્યા, લોકવાદ્ય, લોકનૃત્ય, લોકકથા વગેરેને ખોજીને તેને સંગોપી લેવા માટે જીવનભરનો પુરુષાર્થ કરનાર શ્રી જોરાવરસિંહ જાદવે અસ્મિતા વિશેષ સંવાદ દરમિયાન અચંબિત કરી મૂકે તેવી વાતો કરી. એક નાની શી ઝલક....

મને કહેવામાં આવ્યું કે બૅંકની રજતજયંતી છે એ નિમિત્તે એક અદ્‌ભુત લોકકળાનો કાર્યક્રમ કરવો છે. બજેટની કોઈ લિમિટ નથી. તમને યોગ્ય લાગે એવા કલાકારો તમે લઈ આવો. તો અમે તો સૌરાષ્ટ્રની રાસ મંડળી, ગરબા ગ્રૂપ અને ભવાઈ કલાકારો બધાને લાવવાનું નક્કી કર્યું પછી, મને થયું કે પેલી ગુલાબીને આપણે આમાં લાવવી જોઈએ. એટલે મેં ચૅરમૅનને વાત કરી, સાહેબ એક મદારણ છે અને ખૂબ સરસ નૃત્ય કરે છે. એ તો ખુરશીમાંથી ઊભા થઈ ગયા અને મને કહે, આ રજતજયંતીમાં દસ હજાર લોકો ભેગા થાય અને તમે મદારણને નચાવશો ? તમારે મને બૅંકમાં રહેવા દેવો છે કે કઢાવી મૂકવો છે ? અઠવાડિયા પછી એના મૅનેજરને મોકલ્યા. મને કહે, સાહેબ આપણે પેલી મદારણને મળવા જવું છે, ચૅરમેન એનો કાર્યક્રમ રાખવાની ના નથી પડતા પણ મને કહે કે, તમે જઈને જોઈ આવો તો જ લાવવાની, નહિતર ના પાડી દઈશું. ગુલાબી અને તેના સાથીદારોનો માઉન્ટ આબુ ઉપર કાર્યક્રમ હતો. રાજસ્થાનના કલાકારોને ટૂરિઝમે બોલાવેલા તો ત્યાં શોધતા શોધતા અમે રાજસ્થાન ટૂરિઝમની ઑફિસ ગયા, તો દરવાજા આગળ એક રાજસ્થાની લોકોનું ટોળું. બધા ભાઈઓ ને બાઈઓ બેઠેલાં. મેં એને પૂછ્યું ગુલાબી યહાં આયી હે ? તો એક બાઈ મારી સામે ઊંચું જોઈને કહે, ક્યા કામ હે ગુલાબી કા ? મેં કીધું, મુઝે ઉનસે મિલના હે. તો કહે, મૈં તો ગુલાબી હું. ઓળખાય નહીં એવાં કપડાં પહેરેલાં. મેલાં ઘેલાં કપડાં અને તેથી ઘડીકભર તો મેં પણ એને ન ઓળખી. મૅનેજર તો ઘડીક મારી સામે જુએ અને ઘડીક એની સામે જુએ. પછી મને કહે સ્ટેજ ઉપર સારાં કપડાં તો પહેરશે ને ? મેં કીધું,

તમે જુઓ તો ખરા. પછી બધી વાતો કરી અને કહે, શામકો મેરા પ્રોગ્રામ હૈ, ટૂરિઝમવાલોકા, આપ નખી તાલાબ પર આ જાના... અને સાંજે એણે જે કાલબેલીયન નૃત્ય રજૂ કર્યું એ જોઈને મૅનેજર મને કહે કે, સાહેબ બીજાને કોઈને લાવો કે ન લાવો પણ આપણા કાર્યક્રમમાં ગુલાબીને તો આપણે ચોક્કસ લઈ જવાની છે. મેં એની જોડે વાત કરી, મહેસાણા એક કાર્યક્રમ છે ત્યાં આવવાનું છે, એણે કહ્યું, આ જાઉંગી...એક જ વાક્ય એનું, 'હા, સાહેબ આ જાઉંગી.' મહિના પછી કાર્યક્રમ હતો. મહેસાણાના કાર્યક્રમમાં ચાર-પાંચ આઈટમો પછી ગુલાબીને મૂકી અને એણે કાળા કપડાં પહેરીને અરરર ...અરરર .. કરીને જે જમાવટ કરી કે લોકો ઊભા થઈને છ વખત વન્સ મોર, વન્સ મોર કરાવીને જંપ્યા !! પછી તો એને ત્યાંથી અમે અમદાવાદ લઈ આવ્યા અને રાજકોટ અને ભાવનગર કાર્યક્રમ કર્યો અને પછી અમદાવાદ દૂરદર્શન ઉપર એમનો ઈન્ટરવ્યૂ લીધો. તો ઈન્ટરવ્યૂમાં એણે સરસ કલાભર્યા નૃત્ય રજૂ કર્યાં અને થોડી પ્રશ્નોત્તરી કરી. એ ઈન્ટરવ્યૂ સંગીત નાટક અકાદમી દિલ્હીના સેક્રેટરીએ જોઈને મને ફોન કરીને બધી વિગત માંગી કે, ભાઈ આ કલાકાર કોણ છે, ક્યાંના છે ? એ વર્ષ હતું ૧૯૮૫ની સાલનું. અને ગુલાબીને દિલ્હી બોલાવીને એને કહ્યું કે, ફ્રાન્સમાં ઈન્ડિયન ફોક આર્ટ ફેસ્ટિવલ છે, વહાં તુજે જાના હે... સીધી એને ફ્રાન્સના પ્રોગ્રામમાં મોકલી. ગુલાબીમાંથી ગુલાબો થઈ અને વિશ્વવિખ્યાત ડાન્સર ગુલાબો તરીકે સુપ્રસિદ્ધ થઈ છે. અને હા, એ કશું ભણી નથી. આખી સહી કરતા પણ આવડતું નથી. પણ ફ્લાઈટમાં એકલી જ કાર્યક્રમ કરવા જાય છે. વર્ષમાં ત્રણ ચાર મહિના તો ફ્રાન્સમાં જ હોય છે. આ ગુલાબોને ભારત સરકારે 'પદ્મશ્રી'નો ખિતાબ અર્પણ કરેલ છે.



**(૨) શ્રી ગફૂરભાઈ બિલખિયા :**

સેવા, સમજ, સમાનતા, સંવેદનશીલતા, સંવાદિતા, સાલસતા, સરળતા – આમ 'સ' થી શરૂ થતા બધા જ હકરાત્મક શબ્દો જેનાં રુધિરમાં વહે છે તે પરવરદિગારના દીદાર થાય તેવા સત+જન એટલે શ્રી ગફૂરભાઈ બિલખિયા. એમને પોતાના વિશે વાત કરવાનો બહુ સંકોચ પણ મારી સાથે પ્રેમનો નાતો એટલે મને નકારી ન શક્યા. અમે તો પહોંચ્યા તેમની વાપીસ્થિત હવેલી પર અને માંડ્યો સંવાદ.

મારી મા અમરેલી જિલ્લાના ગાયકવાડી રાજ દામનગરના હતાં. ગાયકવાડી રાજ હોવાને કારણે અહીં છોકરીઓની સ્કૂલ હતી. હરિજનની પણ સ્કૂલ હતી અને કેળવણી માટે ગાયકવાડ સરકારે ઘણી મહેનત કરી હતી. મારી માતા છ ધોરણ સુધી ભણ્યાં.

મારા ગામનો ગરાસદાર ભણેલો નહોતો, એટલે કોઈ કાગળ આવે તો મારી બા પાસે એ વંચાવવા આવતા. મારી બા એને વાંચી દેતી હતી. ત્યાં એવો નિયમ હતો કે ગામના ગરાસદારને એક માણું દળણું (અનાજ) દળી દેવું પડે. એને વેઠ કહેવાય. એક માણું એટલે પાંચ કિલો દર મહિને દળી દેવું પડે. એનો પસાયતો મૂકી જાય અને પાછો લઈ જાય. હવે મારી મા ભણેલી હતી અને કાગળ વાંચી દેતી હતી એટલે મારી માની વેઠ બંધ. મારા ઘરમાં ને મારા સગાંવહાલા બધાને એવું થયું કે ભણે એને વેઠ નહીં કરવાની. ભણેલા ન હોય, અભણ હોય, એણે વેઠ કરવી પડે.

હું પંદર વર્ષનો હતો, ત્યારે મારું વેવિશાળ થયું. લગ્નમાં અમે દસ જ જણા ગયા હતા. મારા સસરા પક્ષના લોકોનું કુટુંબ બહુ મોટું અને એ લોકો પૈસાદાર પણ ખરા. મારા ઘરડા સસરા કાસમદાદા બહુ સારા લોકો. મેં કીધું હું શેરો નહીં બાંધું, હું ઘોડે નહીં બેસું, હું ખાદીની ટોપી, ફાળકી સૂતરની અને ચપ્પલ પહેરીને ચાલતો ચાલતો આવીશ. તો પેલો ડોસો કહે કે એ કહે તે કરવા દે ને જે કરવું હોય એ કરે એમાં આપણને શું વાંધો છે. પછી મારા નિકાહ થયા. બીજે દિવસે કન્યાને છેડાછેડી બાંધવાનો રિવાજ હિન્દુ જેવો જ હતો. હું છેડાછેડીને કારણે કન્યાની પાછળ ચાલતો હતો. બધી બાઈઓ રડે, તો હું પણ રડવા લાગ્યો. મારી કાકીજી બહુ હોશિયાર હતી. એ કહે, 'તું શું કામ રડે છે ?' મેં કીધું 'તમે રડો એટલે હું રડું છું.' હું પહેલેથી કોઈ કન્યાને વળાવી ન શકતો. એ રડે એ મને ગમે નહીં. મારી દીકરીને હું કહું કે જો તમે હસતાં હસતાં જાઓ તો હું આવું. તમારે રડવાનું નહીં, જો હીબકો ભર્યો તો પછી મારી આંખમાંથી આંસુ છૂટી જશે.

અમે ઘરે આવી ગયાં પછી ત્યાં બાઈઓ બેસવા બોલાવે કે અમારે ઘરે ચાલો. બીજે દિવસે બે-ત્રણ બાઈઓ પાણી ભરીને આવતી હતી, એ કહે, આ ક્યાંથી લઈ આવ્યા છો તમે ? કંઈ ખાઈ નહીં, કંઈ પીવે નહીં, કંઈ એને પગ દાબતાં આવડે નહીં. કંઈ નથી તારી વધૂમાં. હા, છે રૂપાળી. પણ ખાઈ-પીવે નહીં. મેં ઘરે આવીને પૂછ્યું કે, અહીંયા આપણે ત્યાં તો રિવાજ છે, તો કહે, હું તો હિંદુના ઘરનું ખાતી નથી. મેં કહ્યું કે જો એમને ઘરેથી છાશ લઈ આવીએ અને એની કઢી બનાવીએ તો બાજરાના રોટલા સાથે ખાઈ શકીએ છીએ, બોલો તો એનું મારે શું કરવું ? મને કહે આપણે દૂધ ખાઈશું. મેં કીધું દૂધ લેવાના પૈસા તો હોવા જોઈએ ને આપણી પાસે. મુશ્કેલી બહુ પડશે. તો કહે ના હું વેઠીશ. લૂખો રોટલો ખાઈશ. તમે મૂંઝાશો નહીં. વાત સાંભળીને મને પહેલાં તો બહુ મોટો આંચકો લાગેલો પણ એણે એમ કીધું ને કે, હું લૂખો રોટલો ખાઈને પણ જીવીશ તમે મૂંઝાતા નહીં એ મને બહુ ગમ્યું. જોકે ભદ્રાયુભાઈ, આજે તો અમારા ઘરમાં હિન્દુની બે દીકરીઓ વહુઓ થઈને આવી છે ને સૌ એકમેકના થઈને રહે છે.

**– ભદ્રાયુ વછરાજાની**

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૪ જૂન, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી જોરાવરસિંહ જાદવ (સમયમર્યાદા : ૨ કલાક, ૧૨ મિનિટ)

◈ **૨૮ જૂન, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી ગફૂરભાઈ બિલખિયા (સમયમર્યાદા : ૨ કલાક, ૦૧ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

### સાહિત્યોત્સવ

◈ **૩ જૂન, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

ગુજરાતના સ્વાતંત્ર્યસેનાની, પત્રકાર, ચરિત્રલેખક અને ઇતિહાસકાર શ્રી કાંતિલાલ મ. શાહના સંસ્કાર સાહિત્ય મંદિર અને ગૂર્જર પ્રકાશન દ્વારા પુનઃપ્રકાશિત પુસ્તકોના વિમોચનનો સાહિત્યોત્સવ. રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, પ્રકાશ ન. શાહ, રતિલાલ બોરીસાગર અને લેફ્ટેનન્ટ સતીશચંદ્ર વ્યાસ 'શબ્દ' ઉપસ્થિત રહેશે.

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૦ જૂન, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ – અનુસ્વાર વિશે
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

### શ્રી યશવંત દોશી સ્મૃતિ-વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૪ જૂન, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**

સત્યજિત રાય દિગ્દર્શિત 'રબીન્દ્રનાથ ટાગોર' ફિલ્મકૃતિની પ્રસ્તુતિ. ફિલ્મકૃતિ વિશે : શ્રી અમૃત ગંગર, ટાગોર સંવાદ : શ્રી શૈલેશ પારેખ, રવીન્દ્ર સંગીત : શ્રી શેફાલી શાહ.

### ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા એવૉર્ડ

◈ **૧૫ જૂન, ૨૦૨૩, ગુરુવાર : સાંજના ૫-૩૦**

જાણીતા કલાકાર શ્રી અમિત અંબાલાલને ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ વિખ્યાત ચિત્રકાર શ્રી ગુલામમોહમ્મદ શેખ એનાયત કરશે અને શ્રી જયદેવ શુક્લ અમિત અંબાલાલની ચિત્રકલાનો પરિચય કરાવશે.

### વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૧૭ જૂન, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

ભગવાન જગન્નાથની રથયાત્રાને અનુલક્ષીને તૈયાર કરેલા 'જગન્નાથાયન' નૃત્યની

પ્રસ્તુતિ. પરિકલ્પના અને કોરિયોગ્રાફી : ગુરુ ડૉ. સુપ્રભા મિશ્રા. ઓમ આર્ટ્સ ડાન્સ એકૅડેમીના કલાકારો સુચરિતા, પ્રિયંકા, ડૉ. શીખા, અનુરાધા અને ઈન્દ્રાણી દ્વારા રજૂઆત. સંગીત : ગુરુ શ્રી નીમકાંત રાઉતરાય.

**આસ્વાદ**

**◈ ૧૮ જૂન, ૨૦૨૩, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'નીગ્રો નારી ચેતના અને નાસા (યુ.એસ.) : કેથરીનની કહાણી' વિશે સમાજ ચિંતક અને કલામર્મજ્ઞ, એન્જિનિયર અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી મુનિ દવેનું વક્તવ્ય.

## કવિ કાન્ત પૂર્વાલાપ ફાઉન્ડેશનના ઉપક્રમે

## 'કાન્ત'ની પુણ્યશતાબ્દી નિમિત્તે વિશ્વકોશમાં પરિસંવાદ

ગુજરાતી સાહિત્યના કવિ મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'ની પુણ્યશતાબ્દી (૧૬ જૂન, ૧૯૨૩-૧૬ જૂન, ૨૦૨૩) નિમિત્તે અમદાવાદના ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના હીરાલાલ ભગવતી સભાગૃહમાં કવિ કાન્ત પૂર્વાલાપ ફાઉન્ડેશનના નેજા હેઠળ ૧૮ જૂન ૨૦૨૩, રવિવારે યોજાનારા એકદિવસીય પરિસંવાદમાં ગદ્ય, પદ્ય, સત્ય, નાટ્ય અને પત્ર એમ પાંચ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોના વક્તાઓમાં શ્રી પ્રફુલ્લ રાવલ અને શ્રી મીનલ દવે(ગદ્ય), શ્રી બારીન મહેતા અને શ્રી રાજેશ પંડ્યા(પદ્ય), શ્રી એલિનોર શ્નાર અને શ્રી કુમારપાળ દેસાઈ (સત્યશોધ), શ્રી સતીશ વ્યાસ અને શ્રી મહેન્દ્રસિંહ પરમાર (નાટ્ય), શ્રી દર્શના ધોળકિયા અને શ્રી નિવ્યા પટેલ (પત્ર) પોતાના અભ્યાપૂર્ણ વિચારો રજૂ કરશે. શ્રી નિયતિ અંતાણી, શ્રી અજય રાવલ, શ્રી દીપ્તિ જોશી અને શ્રી કિશોર વ્યાસ બેઠકોનું સંચાલન કરશે. સમસ્ત કાર્યક્રમનું સંચાલન શ્રી નિયતિ મિસ્ત્રી કરશે. પ્રથમ વાર ઊજવાતી આ પુણ્યશતાબ્દીના મુખ્ય આયોજક અમેરિકાનિવાસી કાન્તના પ્રપૌત્ર મુકુલ પંડ્યા અને એમના કુટુંબીજનો છે. પરિસંવાદની પરિકલ્પના અને આયોજન શ્રી અમૃત ગંગરનાં છે. પ્રસ્તુત પરિસંવાદમાં 'કાન્ત'રચિત બે ગીતોનું સ્વરાંકન સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી આશિત દેસાઈએ કર્યું છે. આ ગીતો વૃંદગાન અને એકાકી રૂપે શ્રી આલાપ દેસાઈ અને શ્રી દર્શના ભુતા શુક્લ દ્વારા રજૂ થશે. આ ગીતોનું ધ્વનિમુદ્રણ કેલિફૉર્નિયા અને મુંબઈના સ્ટુડિયોઝમાં થયું છે. ખાસ આ પરિસંવાદ માટે કવિ 'કાન્ત'નું પૉર્ટ્રેટ મુંબઈસ્થિત સંસ્થા અસીમાના નિરાશ્રિત વિદ્યાર્થીઓએ તૈયાર કર્યું છે.


આ પરિસંવાદમાં ભાગ લેવા ઇચ્છનારે ૧૪મી જૂન સુધીમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના કૃપા દેથોલિયા(૯૮૯૮૦૪૨૬૯૯)ને વૉટ્સએપથી પૂરું નામ, સરનામું, ઈ-મેઇલ તથા વૉટ્સએપ નંબર જણાવવા વિનંતી.

---

'વિશ્વવિહાર'ના મે, ૨૦૨૩ના અંકમાં પૃ. ૧૧ પર શ્રી વીરચંદ ધરમશીની અવસાન તારીખ ૩૦ માર્ચને બદલે ૬ એપ્રિલ વાંચવી .



ગુજરાતના સંસ્કારપુરુષ શ્રી પોપટલાલ હેમચંદ સ્મૃતિ-વ્યાખ્યાન
ઉદ્‌ઘાટન પ્રસંગે દીપપ્રાગટ્ય કરતા મહાનુભાવો



'ભાષાકૌશલ્ય' વિશે
રતિલાલ બોરીસાગર



'સંત કવિઓ : ચમત્કારો
અને તેની યથાર્થતા'
વિશે દલપત પઢિયાર



'દોડધામભરી જિંદગીમાં માનસિક સ્વાસ્થ્ય
પર થતી અસરો અને ઉપચાર'
વિશે ડૉ. કલરવ મિસ્ત્રી

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સંચાલિત**

**ગુજરાતી ભાષાનો સૌથી મોટો અને પ્રથમ ડિજિટલ શબ્દકોશ**

## ગુજરાતી લૅક્સિકન

- પિસ્તાળીસ લાખ કરતાં વધુ શબ્દો ધરાવતો પ્રકલ્પ
- અત્યાર સુધીમાં ચાર કરોડ અને એંસી લાખથી વધુ લોકોએ લીધેલી મુલાકાત
- માતૃભાષા ગુજરાતીના ભેખધારી ઉદ્યોગપતિ સ્વ. શ્રી રતિલાલ ચંદરયાના દીર્ઘ પુરુષાર્થને પરિણામે સાકાર થયેલો પ્રકલ્પ
- ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના માધ્યમ મારફત ગુજરાતી ભાષાની જાળવણી કરવાનો, તેને લોકપ્રિય બનાવવાનો અને તેનો વિકાસ કરવાની ભાવના.
- અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશ, ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ, ગુજરાતી-ગુજરાતી શબ્દકોશ (ભગવદ્‌ગોમંડલ અને સાર્થ જોડણીકોશ સહિત) ઉપરાંત હિન્દી-ગુજરાતી શબ્દકોશ, મરાઠી-ગુજરાતી શબ્દકોશ, વિરુદ્ધાર્થી કોશ, રૂઢિપ્રયોગો, કહેવતો, પર્યાયવાચી કોશ, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિવિધ ગુજરાતી રમતો, ગુજરાતી સાહિત્ય અને ઈ-બુકનો સમૃદ્ધ સ્રોત ધરાવે છે. વળી આ બધા સ્રોત વિવિધ મોબાઇલ ઍપ્લિકેશન સ્વરૂપે પણ ઉપલબ્ધ છે અને આ સ્રોત તમે તમારા કમ્પ્યૂટરમાં પણ નિઃશુલ્ક ડાઉનલૉડ કરી શકો છો.
- ૨.૮૧ લાખ શબ્દો ધરાવતા ગુજરાતી ભાષાના ઐતિહાસિક સીમાસ્તંભ સમાન ભગવદ્‌ગોમંડલને ડિજિટલાઇઝ કરી વેબસાઇટ અને મોબાઇલ એપ સ્વરૂપે મળશે.
- માન્ય શબ્દકોશમાં સ્થાન ન પામેલા કિંતુ લોકબોલીમાં પ્રચલિત એવો લોકભાગીદારીથી ચાલતો ૧૦૦૦થી વધુ શબ્દો ધરાવતો 'લોકકોશ'.
- global.gujaratilexicon.com દ્વારા ગુજરાતી-ચાઇનીઝ, ગુજરાતી-જાપાનીઝ અને ગુજરાતી-ફ્રેન્ચ શબ્દકોશ તો વળી swahililexicon.com દ્વારા સ્વાહિલી ભાષા વિશેની જાણકારી પણ મેળવી શકો છો.
- વિદેશમાં જઈ વસેલા ગુજરાતીઓની આવનારી પેઢીને ભાષાનો આ અમૂલ્ય વારસો માણવા મળે તે હેતુથી શરૂ કરાયેલ લેટ્સ લર્ન ગુજરાતી પ્રકલ્પ આજે NRGઓમાં અતિ પ્રિય બન્યો છે.
- આ ઉપરાંત યૂથકૉર્નર, બ્લૉગ, વીડિયો, એક્સપ્લોર ગુજરાત જેવાં વિવિધ માધ્યમ થકી આજની યુવા પેઢી અને ભાષાપ્રેમીઓને એક મંચ ઉપર સાથે લાવવાનો પ્રયત્ન છે. વળી તમે ગુજરાતી લૅક્સિકનના વૉટ્સએપ ગ્રૂપ કે સોશિયલ મીડિયા પર જોડાઈ રોજનો એક નવો શબ્દ અને સુવિચાર પણ મેળવી શકો છો અને તમારું શબ્દભંડોળ વધારી શકો છો.
- ગુજરાતી લૅક્સિકન : **www.gujaratilexicon.com**

**આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**